# LECTURES ON THE PHILOSOPHY OF RELIGION

## No. 8

# MATERIALISM

BY

THE REVD. W. GRAHAM MULLIGAN
M. A., B. Litt., Ph. D.

વસ્તુને
જોવામાં આ
દરજ્જાની જોવામ

[ *Price Four Annas*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


પૃષ્ઠ

પ્લેટોના બે બોલ ... ... ... ... ૧

૧. જડવાદ અને ભૌતિકશાસ્ત્ર... ... ... ૧—૭

૨. પ્રાચીન જડવાદ... ... ... ... ૭–૧૭

(૧) ચીની જડવાદ ... ... ... ... ૭

(૨) ગ્રીક જડવાદ ... ... ... ... ૧૦

(૩) હિંદી જડવાદ ... ... ... ... ૧૭

૩. અર્વાચીન જડવાદ ... ... ... ૧૭–૩૫

(૧) અંગ્રેજ જડવાદ ... ... ... ૧૯

(૨) ફ્રેંચ જડવાદ ... ... ... ... ૩૧

૪. જડવાદની લોકપ્રિયતાનાં કારણો ... ... ૩૫–૩૭

૫. જડવાદના સમર્થનમાં કરવામાં આવતી દલીલો... ૩૭–૪૨

૬. જડવાદની વિરુદ્ધ ઉપસંહારરૂપ દલીલ ... ૪૨–૪૯

૭. ચર્ચા અને મનન કરવાના પ્રશ્નો ... ... ૪૯–૫૩


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જડવાદ

## પ્લેટોના બે બોલ:

[ એલીઆટિક અજાણ્યો કહે છે: " તેઓ તત્ત્વના સ્વરૂપ સંબંધી તકરાર કરે છે. "

થીઆટિટસ કહે છે: " એમ કેમ ? "

એલીઆટિક અજાણ્યો કહે છે: " તેઓમાંના કેટલાએક તો આકાશમાંથી એટલે અદૃશ્યમાંથી સઘળાં વાનાં પૃથ્વી પર ખેંચી લાવે છે. તેઓએ પોતાના હાથમાં ખડકો તથા ઓક વૃક્ષ પકડી રાખવાનો નિશ્ચય કર્યો હોય એમ લાગે છે. એને પકડતાં તેઓ હઠ કરીને એમ પણ કહે છે કે જેનો સ્પર્શ થઈ શકે અગર જે હાથમાં લઈ શકાય તેને જ અસ્તિત્વ અથવા સત્ત્વ હોય છે એમ કહેવાય. આનું કારણ એ છે કે તેઓના ધ્યાનમાં હરેક વસ્તુનું મૂળ રૂપ તથા પ્રતિરૂપ એકનું એક જ છે. વળી પ્રતિરૂપ વિના કોઈ પણ અસ્તિત્વ હોઈ શકે એમ કોઈ કહે છે ત્યારે તેઓ તેનો તિરસ્કાર કરે છે; પ્રતિરૂપ સિવાય બીજા કશા વિષે સાંભળવા તેઓ ના પાડે છે. "

થીઆટિટસ કહે છે: " એવા ઘણા લોકો મને મળ્યા છે, અને તેઓ વિચિત્ર તો છે જ. " ' પ્લેટો સોફિસ્ટ ' નામનો ... ૪૬ ]. આ વિચિત્ર લોકો સંબંધી આપણે વિચાર કરીએ.

વસ્તુને આત્મા...

## ...વાદ અને ભૌતિકશાસ્ત્ર:

જોવામાં આવે છે.

...દરજ્જાની જોવામાં આવે... દુશ્મન તે જડવાદ છે, એ તમામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મો તથા તત્ત્વજ્ઞાનના ઇતિહાસ પરથી માલૂમ પડે છે. આગલાં વ્યાખ્યાનોમાં આપણે કોઇ કોઈ વાર જડવાદ વિષે થોડો થોડો વિચાર કરી ગયા છીએ. જડવાદ બે પ્રકારના છે એમ કહીએ તોપણ ચાલેઃ સૈદ્ધાન્તિક અને વ્યાવહારિક. જે સ્થૂળ કે જડ વસ્તુ છે તે જ વાસ્તવિક છે એવાં અનુમાન દરેક જમાના અને દેશમાં ઉપસ્થિત થએલાં માલૂમ પડે છે. છતાં જડવાદનો એ કરતાંએ વિસ્તૃત અર્થ થઈ શકે છે, એટલે જ્યારે માણસો કેવળ ઐહિક બાબતોમાં લીન થઈ જાય છે, અને એવી રીતે પોતાનાં જીવન વડે ધર્મની અવગણના કરે છે ત્યારે તેમના એ વલણને જડવાદી કહીએ તો એમાં કશું ખોટું નથી. વળી આ વ્યાવહારિક જડવાદ આખી દુનિયામાં પ્રસરેલો છે અને તે દરેક ધર્મનો હાનિકર્તા છે. આ વ્યાખ્યાનમાં તો આપણને કેવળ સૈદ્ધાન્તિક જડવાદ સાથે સંબંધ છે. જ્યાં કહીં ઈશ્વરવાદ વિરૂદ્ધનો સિદ્ધાન્ત માલૂમ પડે છે ત્યાં તે કાંતો પોતે જડવાદનો અમુક પ્રકાર હોય છે, કાંતો તે સીધી કે આડકતરી રીતે તેના પર આધાર રાખતો હોય છે. આમ જડવાદ આટલા બધા મહત્ત્વનો છે તેથી આપણે તેનો વિચાર લંબાણથી તેમજ સંભાળપૂર્વક કરવો પડશે.

શરૂઆતમાં આપણને જે મુશ્કેલી માલૂમ પડે છે તે જડવાદનો વ્યાખ્યાને લગતી છે. મારા શબ્દકોશમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છેઃ "ભૌતિક અથવા સ્થૂળ વસ્તુનાં કાર્યો, વાસ્તવિકપણું, તથા નિયમોને આધારે જ અનુભવમાંની તમામ બીનાનો ખુલાસો કરવાનો છે એ મત." પરંતુ ખરું જોઇએ તો જે એકલાને જડવાદ કહેવામાં આવે છે એ... સ્વરૂપ સંબંધીનું કોઇ પણ ખાસ એક અનુમાન... સંજ્ઞા સામાન્ય હોય છે, અને તેમાં ઉપલી... કે એવાં ઘણાં અનુમાનનો સમાવેશ...

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૈકી ઘણાં અનુમાન તો એક બીજાથી વિપરીત પણ હોય છે. મતમતાંતર એકલા ઇશ્વિરવાદીઓમાં જ જોવામાં આવે છે એવું તમે ના માનતા. જેઓ ઇશ્વરની હસ્તી માને છે તેઓમાં જેટલા પંથો નજરે પડે છે તેટલા જ નિરીશ્વરવાદીઓમાં પણ છે. કેટલીક જડવાદી વિચારસરણીઓ સર્વેશ્વરવાદી છે ત્યારે બીજી કેટલીક કલ્પનાવાદી છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં મોટામાં મોટી મુશ્કેલી એ નડે છે કે જુદા જુદા જમાનામાં એકનું એક જ નામ કે સંજ્ઞા જુદા જુદા અર્થમાં વાપરવામાં આવે છે. આથી ઘણી મુંઝવણ થાય છે. છતાં એમ કહીએ તોએ ચાલે કે માનવી વિચારણાના ક્ષેત્રમાં કલ્પનાવાદ અને જડવાદ વચ્ચે બે ધ્રુવ જેટલું અંતર છે. કલ્પનાવાદના દષ્ટિબિંદુથી આખરે મન અને તેના વિકરણ સિવાય બીજું કંઈ પણ વાસ્તવિક નથી, ત્યારે જડવાદના દષ્ટિબિંદુથી તો એકલી જડ વસ્તુ વાસ્તવિક છે. છતાં માનવી વિચારણાનો વિકાસ થતાં થતાં એક ખુબી એ જોવામાં આવે છે કે આ બંને પ્રકારની વિચારણા ઘણી વાર એક બીજામાં રૂપાંતર પણ પામે છે.

હવે જડવાદનું એક લક્ષણ હમેશાં એકનું એક કાયમ રહે છે, તે એ છે કે સ્થૂળ વસ્તુ ખરેખર હોય છે તે કરતાં જડવાદ તેને હંમેશાં અધિક ગણે છે. વળી ભૌતિકશાસ્ત્ર તથા માણસની સાધારણ બુદ્ધિ સ્થૂળ વસ્તુને જે લક્ષણો લાગુ પાડવાની ના પાડે છે તેવાં લક્ષણો તેને જડવાદ લાગુ પાડે છે. દાખલા તરીકે જડવાદ કહે છે કે સ્થૂળ વસ્તુ અનાદિ છે તથા સ્વયંભુ પણ છે. પરંતુ [illegible] વિજ્ઞાનશાસ્ત્રીએ સાબિત કર્યું છે?! વળી તે કયા વસ્તુને આત્મા [illegible] બુદ્ધિ સ્વીકારી શકે?! એ તો ઠીક, પણ જડ- જોવામાં આવે છે. [illegible] વધીને કહે છે કે સ્થૂળ વસ્તુમાં જીવન, દરજ્જાની જોવામાં આવે [illegible] બુદ્ધિનો પણ સમાવેશ કરવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે. પ્રાચીન તથા અર્વાચીન તત્ત્વજ્ઞાનમાં આ વાતના દાખલા જોવામાં આવે છે. સ્થૂળ વસ્તુ શું છે એ વિષે જડવાદીઓ માંહોમાંહે તકરાર તો કરે છે, પણ એક અપવાદ સિવાય તેઓ એક બાબતમાં સંમત માલૂમ પડે છે, એટલે જેના વિષે આપણો અનુભવ આપણને કશું જ કહી શકતો નથી એવાં લક્ષણો સ્થૂળ વસ્તુમાં છે એમ તેઓ આપણને હઠેઠથી જણાવે છે; અર્થાત્ તમામ તત્ત્વજ્ઞાનીઓની માફક તેમનાં અનુમાનો એ તો અનુમાનો જ છે, પ્રમાણયુક્ત નથી.

પરંતુ જડવાદીને આવું કહેવામાં આવે છે ત્યારે તેને ખોટું લાગે છે. તે એવો દાવો કરે છે કે હું તો વિજ્ઞાનવેત્તા છું, અને સૃષ્ટિનો ખુલાસો કરવા હું જે અભિપ્રાયો દર્શાવું છું તે અભિપ્રાયો ભૌતિકશાસ્ત્રે સંપાદન કરેલાં નિર્ણિત પરિણામ પર આધારભૂત છે. વળી તે આપણને એવું મનાવવા ઇચ્છે છે કે ભૌતિકશાસ્ત્રનો ઇતિહાસ તે જડવાદનો જ ઇતિહાસ છે, અને હસ્તીના પ્રશ્નનો ખુલાસો કરવામાં હું તો માત્ર વિજ્ઞાનનાં નિર્ણિત પરિણામોનું વ્યાવહારિક લાગુકરણ કરું છું. પરંતુ આ પ્રમાણે વિજ્ઞાનનો વેશ ધારણ કરવાનો અધિકાર તેને છે જ નહિ. આવું સાહસ બિલકુલ ચાલવા દેવાય નહિ. ખરી વાત છે કે વિજ્ઞાનવેત્તાઓએ અજાયબ જેવી શોધખોળ કરી છે, પણ તેઓએ કરેલી એકે શોધખોળ વડે જડવાદને યથાર્થ ઠરાવી શકાય એમ છે જ નહિ. એથી ઉલટું ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં થએલી પ્રગતિ વડે ઈશ્વરનાં પરાક્રમ, જ્ઞાન તથા ભલાઈ આજ દિવસ સુધી પ્રગટ થતાં આવ્યાં છે.

તથાપિ જડવાદ તથા જડવાદી અનુમા[illegible] ભૌતિક જ્ઞાનની પ્રગતિ થવામાં સારો ફાળો [illegible] ઉપયોગી શોધખોળ કરવા માટે ઉત્સ[illegible]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવામાં આવ્યા છે. વળી કબુલ કરવું પડે છે કે જે જે જમાનામાં ભૌતિક જ્ઞાનમાં વૃદ્ધિ થએલી છે તે તે જમાનામાં માણસજાતની સંસ્કૃતિને ખાસ રીતે સફળતા સાંપડી છે, કેમકે જાણવા જેવી વાત એ છે કે ભાતિક જ્ઞાનના ક્ષેત્રમાં રસ લેવાના પરિણામે ધર્મ તથા તત્ત્વજ્ઞાનને ચોખ્ખો લાભ થએલો માલૂમ પડે છે. ભૌતિક દુનિયાનું વધારે મૂલ્ય આંકી શકાય ખરૂં, પરંતુ તે સાથે તેનું ઓછું મૂલ્ય અંકાવાનો સંભવ છે. ભૌતિક શોધખોળ વડે ઈશ્વરનાં આશ્ચર્યકારક કૃત્યો સંબંધી માણસોને નિત્ય સ્મરણ કરાવવામાં આવે છે.

ભૌતિક દુનિયા સંબંધીનું અજ્ઞાન તત્ત્વજ્ઞાન તથા ઈશ્વરજ્ઞાનને હાનિકારક છે એ કબુલ કર્યા વગર છુટકો નથી. મધ્ય યુગમાં તો જડવાદનો પ્રચાર થોડો હતો એ વાત ખરી; પરંતુ તે જમાનામાં ભૌતિકશાસ્ત્રમાં મંદતા આવી અને તે નાશ પામ્યા જેવી સ્થિતિમાં આવી પડ્યું. એ જમાનામાં તો ખરા વિજ્ઞાનને અભાવે સૃષ્ટિના સ્વરૂપ સંબંધી તથા ઉત્પન્નકર્તા સાથે સૃષ્ટિના સંબંધ વિષે તત્ત્વજ્ઞાન તથા ઈશ્વરજ્ઞાને પ્રગટ કરેલાં અનુમાનનો પાછલા જમાનામાં નકાર કરવો પડ્યો છે.

હવે જગતમાં જડવાદનો ઉદય ક્યારે થયો એ કોઈપણ માણસ કહી શકે નહિ. એ તો માનવી વિચારણાના જેટલોજ પુરાણો લાગે છે. માનવી વિચારણાની પ્રાથમિક સ્થિતિ જોવી હોય તો તે સર્વચેતનાવાદમાં જોવામાં આવે છે. આ સર્વચેતનાવાદની સ્થિતિમાં મન તથા જડ વસ્તુ વચ્ચેના તફાવત વિષે ચોખ્ખી રીતે ભાન થએલું હોય એમ માલૂમ પડતું નથી. સ્થૂળ વસ્તુને આત્માની દૃષ્ટિએ તથા આત્માને સ્થૂળ વસ્તુની દૃષ્ટિએ જોવામાં આવે છે. માણસજાત જે પૂજા કરે છે તે જુદા જુદા દરજ્જાની જોવામાં આવે છે. સૌથી પહેલાં અમુક સ્થૂળ વસ્તુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેવી કે ઝાડ અને પથ્થરમાં અમુક પરાક્રમ કે આત્મા મૂર્તિમાન થયેલાં છે એમ સમજીને તેમની પૂજા કરવામાં આવે છે. આ પૂજવામાં આવેલી વસ્તુને ફેટિશ કહેવામાં આવે છે. પછી પશુઓની પૂજા કરવામાં આવે છે, અને તે પછી સૂર્યચંદ્ર જેવી કુદરતી શક્તિઓની પૂજા કરવામાં આવે છે. મનુષ્યોની આદિ કાળની અવસ્થામાં આ ત્રણે પ્રકારની પૂજા જોવામાં આવે છે, અને મન તથા સ્થૂળ વસ્તુ વચ્ચેનો તફાવત સમજવા વિષે તેઓની શક્તિહીન સ્થિતિ પર તે અવલંબે છે. આદિકાળનાં મનુષ્યોનાં આવાં કાચાં અનુમાનને જડવાદ કહીએ તો આધુનિક જમાનામાં વિજ્ઞાનને નામે જે જે અનુમાનો જાહેર કરવામાં આવે છે તેમને પણ જડવાદ નામ આપવું ઘટે છે, કેમકે હાલના કેટલાક વિજ્ઞાન-શાસ્ત્રીઓ આદિકાળનાં મનુષ્યોની માફક જ માની બેસે છે કે જીવન, ઇંદ્રિયજ્ઞાન, તથા ઇચ્છાશક્તિથી સ્થૂળ વસ્તુનાં મૂળ તત્ત્વ ઓતપ્રોત થએલાં છે. આગળના એક વ્યાખ્યાનમાં કપિલની જે વખોડ કરવામાં આવી છે તે જ વખોડ હાલના કેટલાક પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીઓની પણ કરવી પડે છે. તેઓ સ્થૂળ વસ્તુ સાથે મન તથા તેનાં વિકરણોને ભેળસેળ કરી દે છે, અને પછી તે વિષે ભૂલી જ જાય છે. મન અને ઇચ્છાશક્તિ આપણા જીવન પર બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે અસર કરે છે. તેની વાત આટલેથી જ પતાવી દેવાય ખરી? તે કયાં કયાં કાર્ય કરે છે એ વિષે આપણને કંઈ પણ સૂચના ન આપે? વળી જાણે મન અને તેનાં વિકરણ હોય જ નહિ એવી રીતે વિશ્વનો ખુલાસો કરે? આવો મત ધરાવનાર માણસોને જડવાદી કહ્યા વગર છુટકો નથી.

દુનિયાના ઈતિહાસમાં જડવાદની ભૂમિકા કરતાં ચોખ્ખી રીતે ચઢિયાતી ભૂમિકા પર યાહુદીઓ પહેલવહેલા ચઢી ગએલા માલૂમ પડે છે. બીજા માણસોને તો જડવાદના કરતાં ઉમદા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આદર્શ પ્રાપ્ત થયા હતા, પરંતુ તેઓએ પોતાનો અસલ જડવાદ સાથે રાખવાના પ્રયત્ન કર્યા છે. વળી યાહુદીઓ આટલી બધી સંપૂર્ણ રીતે તેમજ આટલા વહેલા જડવાદ પર જયવંત નીવડ્યા, તેજ કારણથી તેઓ સાથે સાથે સર્વેશ્વરવાદ પર પણ જયવંત નીવડેલા માલૂમ પડે છે. યાહુદીઓના સમસ્ત ઇતિહાસમાં તો સર્વેશ્વરવાદની ગંધ સરખીએ માલૂમ પડતી નથી. બાઇબલમાં તો પહેલેથી છેલ્લે સુધી ઇશ્વરની ઇચ્છા તથા શબ્દ વડે સ્થૂળ વસ્તુની ઉત્પત્તિ કરવામાં આવી હતી એ સ્પષ્ટ રીતે અને આગ્રહપૂર્વક જણાવવામાં આવે છે.

આદિકાળનાં મનુષ્યોના જડવાદમાં તથા ચાલુ જમાનાના જડવાદમાં એટલો જ તફાવત જણાય છે કે જ્યારે આદિકાળનાં મનુષ્યોનો જડવાદ ધાર્મિક હતો ત્યારે આજકાલનો જડવાદ તો ધર્મહીન છે. કલ્પના કરવી એ કાંઈ ખોટું નથી. માણસો કલ્પના કરી શકે છે અને ધાર્મિક પણ રહી શકે છે. હિંદુઓના દાખલા જુઓ. પરંતુ કલ્પનાવાદ જ્યારે ધર્મનો શત્રુ બને છે ત્યારે તે સ્વાભાવિક રીતેજ જડવાદનું રૂપ ધારણ કરે છે. પરંતુ સામાન્ય રીતે તો કલ્પનાવાદ દુનિયાના ઇતિહાસમાં જવલ્લેજ ધર્મનો શત્રુ બન્યો છે. કલ્પનાવાદના ઇતિહાસ પરથી માલૂમ પડે છે કે સ્થૂળ વસ્તુનું મનન કરવાથી માણસના મનને વિશ્રાંતિ મળતી નથી પણ તે હમેશાં તેની હદ ઓળંગીને પેલે પાર વાસ્તવિકતા શોધવા જાય છે. કબુલ કરવું પડે છે કે જડવાદનો ઇતિહાસ બહુ ઝળકતો નજ કહેવાય, કેમકે દુનિયામાંના મહાન વિચારકોમાંના થોડાજ જડવાદી માલૂમ પડ્યા છે.

## ૨. પ્રાચીન જડવાદ :

**(૧) ચીની જડવાદ:** ઇ. સ. પૂર્વે ૩૦૦ વર્ષ પર ચીન દેશમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જડવાદ તથા નિરીશ્વરવાદ ઘણાજ પ્રસરી ગએલા હતા. એ દેશનો એક મહાન શિક્ષક કોન્ફ્યુશિઅસ નામે થઈ ગયો. તે પોતાની વિચારસરણીમાં જો કે ઈશ્વરની હસ્તીનો નકાર કરતો ન હતો તોપણ તે ઈશ્વરવાદ શિખવતો હતો એમ ન કહેવાય. એ વિચારસરણીમાં તો નીતિશાસ્ત્રનું સ્વરાજ્ય એ વિશેષ લક્ષણ જોવામાં આવે છે, એટલે કે બુદ્ધની માફક તે પણ ઈશ્વરને પડતો મૂકીને નીતિનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કરતો હતો. જે વિચારસરણીમાં ઈશ્વરની અવગણના કરવામાં આવે છે તેમાંથી કોઈ પણ પ્રકારના જડવાદનો ઉદ્‌ભવ થવાનો સંભવ રહે છે, અને કોન્ફ્યુશિઅસની વિચારસરણીમાંથી જડવાદનો ફણગો ફુટી નીકળ્યો પણ ખરો. આ વૃત્તિને અટકાવવાનું કામ કોન્ફ્યુશિઅસના મહાન ભાષ્યકાર મેન્ગ ત્સુએ માથે રાખ્યું. પાશ્ચાત્ય દેશોમાં આ માણસ મેનશિઅસ નામે ઓળખાય છે. તેનું કહેવું એ હતું કે જડવાદથી ચીનને ઘણું નુકસાન થયું હતું. વળી તેણે પોતાનો એવો મત દર્શાવ્યો કે જે દેશમાં જડવાદ ચાલે છે, અને તેનો અમલ કરવામાં આવે છે તેવો કોઈ પણ દેશ નભી શકે નહિ. તેના વખતમાં જે જડવાદીઓ હતા તેમના મતનું ખંડન કરવા માટે તે પુસ્તકો લખતો હતો, અને એવી રીતે એવા એક ચીની જડવાદીના મતનું વર્ણન આપણી પાસે ઉતરી આવ્યું છે. યેન્ગ ચાઉએ કહ્યું કે "જે બાબતમાં માણસો એક બીજાથી જુદાં પડે છે તે તો જીવન છે; જેમાં તેઓ એક થાય છે તે મરણ છે. જ્યાં સુધી તેઓ જીવે છે ત્યાં સુધી તેઓમાં બુદ્ધિ તથા નિર્બુદ્ધિનો અને ઉચ્ચતા તથા નીચતાનો તફાવત જોવામાં આવે છે; તેઓ મરી ગયા પછી તો સડો તથા ક્ષય સિવાય બીજું કાંઈ જોવામાં આવતું નથી. આ તો માણસજાતનું સામાન્ય ભાવિ છે. છતાં બુદ્ધિ તથા નિર્બુદ્ધિ તેમ જ ઉચ્ચતા તથા નીચતા કોઈના કાબૂમાં નથી; તેમ જ સડા તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્ષયની સ્થિતિ અને સમુળગો વિનાશ પામવો એ પણ કોઈના તાબામાં નથી. માણસનું જીવન તેના હાથમાં નથી, તેમ જ તેનું મરણ પણ તેના હાથમાં નથી; તેની બુદ્ધિ તથા નિર્બુદ્ધિ, તેની ઉચ્ચતા તથા નીચતા એ તેની પોતાની હોતી નથી. સઘળાં માણુસો જન્મે છે, અને સઘળાં મરણ પણ પામે છે, પછી તે બુદ્ધિમાન હોય કે નિર્બુદ્ધ હોય, માનયોગ્ય હોય કે શુદ્ર હોય. કોઈ દસ વર્ષની ઉમરે મરી જાય છે, તો કોઈ સો વર્ષની ઉંમરે. સદ્ગુણી અને જ્ઞાની મરી જાય છે, દુર્ગુણી અને મૂર્ખ પણ મરી જાય છે. જીવતાં તેમને યાઉ અને શૂન નામે સદ્ગુણી વ્યક્તિઓ તરીકે ઓળખવામાં આવતા હતા; મરણ પામ્યા પછી તો તેઓ એકલાં સડી ગએલાં હાડકાં છે. જીવતાં તેમને કસી તથા ચાઉ નામે અતિ ભૂંડા માણુસો તરીકે ઓળખવામાં આવતા હતા; મરણ પામ્યા પછી તો તેઓ એકલાં સડી ગએલાં હાડકાં છે. તેમનાં સડી ગએલાં હાડકાં વચ્ચેનો ભેદ કોણ જાણી શકે ? માટે આપણે જીવીએ છીએ એટલામાં જીવનમાંથી જેટલો લાભ લઈ શકાય તેટલો લઈ લઈએ. જ્યારે મરણનો વખત પાસે આવે ત્યારે તેની અવગણના કરીને સહન કરીએ, અને અહીંથી વિદાય થતાં વિનાશને આધીન થઈ જઈએ."

આ કરતાં વધારે ચોખ્ખા શબ્દો બીજા કયા હોય ? બાઈબલમાં "ઈશ્વરહીન તથા જગતમાં આશાહીન" એવા શબ્દો વડે આવા માણસોનું વર્ણન કરવામાં આવે છે. આવા માણસોની દૃષ્ટિએ આપણે માત્ર ધૂળના ઢગલા છીએ અને પાછા ધૂળમાં મળી જવાના છીએ. કોઇ સદાચાર આચરે અને કોઇ દુરાચાર એમ જુદી જુદી રીતે આપણે આ પૃથ્વીમાં જીવન ગાળીએ તો ગાળીએ, છતાં આપણા સર્વના ભાવિમાં મરણ લખેલું છે. મરણ પછી તો સડેલાં હાડકાં સિવાય બીજું કાંઈ રહેતું નથી. માણુસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના જીવનમાં સદાચાર આચરે, પણ એમ કર્યા છતાં જે તેનું જીવન દુઃખી હોય તો તેના સદાચારથી તેને કશો લાભ થયો હોય એમ દેખાતું નથી. આપણે માનીએ છીએ કે જેમાં બદલો મળશે એવી એક બીજી દુનિયાનો આપણને અનુભવ થશે, પરંતુ જડવાદી એવી આશા રાખી શકતો નથી. તેના સિદ્ધાંત પ્રમાણે તો આ એકજ દુનિયા છે, અને તે વિના બીજી દુનિયા થવાનીજ નથી. માણસના મરણ પછી તેનાં વખાણ કરવામાં શો અર્થ છે ? એ સ્થિતિમાં તો આપણાં વખાણથી કોઈ લાકડાના ઠીમચા પર અસર થાય તો તેના પર અસર થાય. માણસ ગમે તેટલું ભૂંડું જીવન ગાળે તોપણ તેનું મરણ થયા પછી તેની વખોડ કરવાથી અહીં તેને જે આનંદ થયો હતો તે કંઈ થોડો ઓછો થવાનો છે ? કીર્તિ આભાસરૂપ છે અને સદાચાર માયારૂપ છે. સુખભોગ વગર કંઈ વાસ્તવિક નથી, તેથી આ ચીની જડવાદી પોતાના સમકાલીનોને એવી સલાહ આપતો હતો કે તમે થોડી વારમાં મરી જવાના છો એ સમજીને સુખ શોધો અને લોકમતની અવગણના કરીને ખાઈપી લો. ખરા જડવાદનો મત આ છે. અપવાદ તરીકે અમુક જણ જડવાદને માની શકે અને નીતિમાન જીવન પણ ગાળી શકે, પરંતુ તમામ જમાનાના સાધારણ માણસોને એવો અનુભવ થએલો છે કે જે જડવાદી માણસ ઈશ્વર તથા આવનાર જીવનનો ઈનકાર કરે છે તેને સ્વાર્થ તથા ભોગવિલાસનું બાનું સહેજે મળી શકે છે.

( ૨ ) **હિંદી જડવાદ:** જડવાદનું છેવટનું રૂપ ઉપર પ્રમાણે છે. એવો જડવાદ જો હિંદુસ્તાનમાં ઊભો થયો હોય તો તે ચાર્વાક-વાદરૂપે ઊભો થયો છે. પરંતુ જડવાદ જુદા જુદા દરજાનો હોય છે, અને વિશ્વ જાણે એક સંચો હોય એવી રીતે જે વિચાર-સરણીમાં તેનું વર્ણન કરવામાં આવ્યું હોય, અને તેની ઉત્પત્તિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવામાં બુદ્ધિએ શો ફાળો આપ્યો છે એ વિષે કશું જ જણાવવામાં આવ્યું ન હોય એવી વિચારસરણીને મારે જડવાદી કહેજ છૂટકો. અકસ્માતથી ઉત્પન્ન થએલો સંચો આજદિવસ સુધી કોઇએ જોયો જ નથી. જ્યાં સંચો છે ત્યાં મન પણ છે, અને જ્યાં મન નથી ત્યાં સત્ય નથી, આ કારણથી આગલાં વ્યાખ્યાનોમાં મેં સાંખ્યદર્શન તથા બીજાં દર્શનોને પણ જડવાદી કહ્યાં છે. પરંતુ હિંદુસ્તાનમાં પુરેપુરા જડવાદનો એક જ દાખલો છે, એટલે ચાર્વાકવાદનો. આ ચાર્વાકવાદ ઉપર વર્ણવેલી વિચારસરણીને મળતો આવતો જણાય છે. તે એ સમજ પર આધારભૂત છે કે આપણને જેટલું જ્ઞાન છે તેટલું બધું ઇંદ્રિયો વડે જ પ્રાપ્ત થાય છે. સૃષ્ટિનાં મૂળ તત્ત્વ ચાર દર્શાવવામાં આવ્યાં છે, એટલે પૃથ્વી, હવા, અગ્નિ અને પાણી. આ તો વિશ્વનાં મૂળ તત્ત્વો છે, તેઓ અનાદિ છે, અને તેમાંથી સઘળું ઉદ્‌ભવ્યું છે. માણસના શરીરમાં જ્યારે આ તત્ત્વો એકઠાં મળે છે ત્યારે તેમાંથી બુદ્ધિ ઉપજે છે. તેઓ નાશ પામે છે ત્યારે વિચારશક્તિ પણ નાશ પામે છે. શરીર વિના કોઇ આત્મા છે જ નહિ. જગતનાં વિવિધ પ્રકારનાં દૃશ્યો આપોઆપ સ્થૂળ વસ્તુના સ્વરૂપમાંથી જ ઉપસ્થિત થાય છે. કુદરતાતીત હોય એવું કશું જ નથી: ઈશ્વર નથી, ભાવિ નથી, બીજી દુનિયા નથી, મોક્ષ નથી, ભલાંભૂંડાં કૃત્યોનો બદલો પણ નથી. આબાદી તે સ્વર્ગ છે અને વિપત્તિ તે નર્ક છે. વેદ રચનારા મૂર્ખ હતા, અને ધર્મ તો માત્ર નિર્બુદ્ધ માણસોના પેટ ભરવાના એક સાધનરૂપ છે. માણસના જીવનનો મુખ્યાર્થ સુખભોગ કરવો એ છે.

હિંદમાંના ચાર્વાક લોકો વિષે વાંચીએ છીએ ત્યારે એપિક્યુરસના અનુયાયીઓ યાદ આવે છે. ઉપનિષદ્‌ના અજાણ્યા લેખકોએ એક ઉચ્ચ પ્રકારનો કલ્પનાવાદ રચી કાઢ્યો હતો, તે કેટલીક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે પ્લેટાની વિચારસરણીને મળતા આવતો જણાય છે. તેઓ વેદનો અધિકાર માન્ય રાખતા હતા. કપિલ પણ વેદને માન આપતો હતો, છતાં તેણે જે વિચારસરણી સ્થાપન કરી હતી તે ખરૂં જોતાં જડવાદી હતી. ગૌતમ બુદ્ધે ઉપનિષદ્ ઉપરાંત વેદનો પણ નકાર કર્યો, અને તે નિરીશ્વરવાદી માલૂમ પડે છે. છતાં તેણે ઉચ્ચ પ્રકારનું નીતિવિષયક શિક્ષણ આપ્યું હતું. મહાવીર વિષે પણ એમજ કહીએ તો એ ખોટું નથી. કાલ્પનિક તથા વ્યાવહારિક તત્ત્વજ્ઞાનને એકબીજા સાથે કેટલો બધો નિકટનો સંબંધ છે તે આ દાખલા પરથી સમજી શકાય એમ છે. જેમકે કપિલ એવું શિક્ષણ આપતો હતો કે માણસોને જુદી જુદી ત્રણ રીતે જ્ઞાન મળે છે: વસ્તુબોધન, અનુમાન અને શ્રુતિદ્વારે. ગૌતમ બુદ્ધે શ્રુતિનો ઇનકાર કર્યો, અને તેને બદલે પોતાનું નૈતિક શિક્ષણ મૂક્યું. ચાર્વાકવાદીઓએ અનુમાનનો ત્યાગ કર્યો, એટલે જ્ઞાન સંપાદન કરવાના સાધન તરીકે વસ્તુબોધન બાકી રહ્યું. આનું પરિણામ એ આવ્યું કે નર્યો આનંદવાદ સ્થાપન થયો.

તત્ત્વજ્ઞાનના ઇતિહાસ પરથી સાબિત થાય છે કે નીતિશાસ્ત્રના પાયા તરીકે વસ્તુબોધન સલામતીભર્યું માલૂમ પડતું નથી. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાંથી દાખલો લઇએ તો અંગ્રેજ તત્ત્વજ્ઞાની લૉક પણ શિખવતો હતો કે જ્ઞાનનો આધાર ઇંદ્રિયો પર રહેલો છે. આ શિક્ષણથી ઇંગ્લંડમાં ખરાબ પરિણામ તરત તો ન આવ્યું, પરંતુ એજ શિક્ષણ જ્યારે ફ્રાન્સમાં આપવામાં આવ્યું ત્યારે તેમાંથી તરતજ જડવાદનો ઉદ્ભવ થયો, અને વળી તે ઝપાટાભેર વધવા લાગ્યો. સદરહુ પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય દાખલા પરથી સર્વોપરી અસ્તિત્વ સંબંધી પહેલાં અજ્ઞેયવાદ ઉપસ્થિત થયો, અને તેને પરિણામે નીતિને ધક્કો પહોંચ્યો. ચાર્વાકવાદીઓએ એવી દલીલ કરી કે શું છે તે આપણે જાણતા નથી તો

પછી શું કરવું તે આપણે શી રીતે જાણીએ? વળી શું કરવું જોઈએ એ વિષે સ્પષ્ટ જ્ઞાન આપણને મળી શકતું નથી માટે આપણે મરજીમાં આવે એમ કરીએ. "જ્યાં સુધી જીવન ટકે છે ત્યાં સુધી સુખી જીવન ગાળો, દેવું થાય તોએ ઘી ખાઓ. શરીર રાખમાં મળી જાય છે, તે પછી તે ક્યાંથી પાછું આવે?"

## ૩. ગ્રીક જડવાદ:

### (અ) ડીમોક્રીટસ

પુરાતન ગ્રીસમાં વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનની વચ્ચે તફાવત છે એવું સમજવામાં આવતુંજ ન હતું. સૃષ્ટિનાં મૂળ તત્ત્વો ચાર્વાકવાદની માફક જડ કે નિર્જીવ માનવામાં આવતાં હતાં. વળી ચાર્વાકવાદીઓ જે તત્ત્વો માનતા હતા તેજ તત્ત્વો અસલના ગ્રીક તત્ત્વજ્ઞાનીઓ પણ માનતા હતા, એટલે પૃથ્વી, પાણી, હવા તથા અગ્નિ. કેટલાક તત્ત્વજ્ઞાનીઓ એ તત્ત્વોને અને કેટલાક તે પૈકી એકને અસલ માનતા હતા. વળી કોઈ વાર એમ પણ માનવામાં આવતું હતું કે અસલ વસ્તુ (અંગ્રેજીમાં જેને મેટર કહીએ છીએ તે) આ બધા કરતાં ઝીણી હોય છે, અસ્પૃશ્ય અને અદૃશ્ય હોય છે, તથા આ બધાં તત્ત્વોના આધાર તરીકે હોય છે. છતાં વસ્તુ સિવાય કંઈ નથી એવું આ તત્ત્વજ્ઞાનીઓ કહેતા ન હતા. તેઓ એમ પણ ધારતા હતા કે જીવન તથા બુદ્ધિ જેવાં ચેતન તત્ત્વો પણ હોય છે, અને તે વસ્તુમાં ઓતપ્રોત થઈ રહેલાં છે.

ગ્રીક જડવાદની સૌથી પહેલી વ્યવસ્થિત વિચારસરણી લ્યુસીપ્પસ તથા ડીમોક્રીટસે ઇ. સ. પૂર્વે પાંચમા સૈકામાં પ્રસિદ્ધ કરી હતી. પરંતુ ડીમોક્રીટસે લ્યુસીપ્પસના સિદ્ધાંતોનો વિશેષ વિસ્તાર કર્યો હતો; એટલે લ્યુસીપ્પસ વિષે અહીં આગળ બહુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેવાની જરૂર નથી. ખરૂં જોઈએ તો ડીમોક્રીટસના જડવાદમાં તથા વીસમા સૈકાના જડવાદમાં જુજ તફાવત જોવામાં આવે છે. તેણે ઘણા લેખો લખ્યા હતા, તે પૈકી થોડા જ ટુકડા મોજુદ છે. તેના જમાના તરફ જોઈએ તો તે એક અજાયબ જેવો માણસ લાગે છે. તે વિશેષે કરીને ભૌતિકશાસ્ત્રમાં પ્રવીણ હતો, પ્રામાણિક હતો તેમ જ નીતિમાન પણ હતો, અને વળી તમામ જનતા તરફથી સન્માન પામતો હતો. જડવાદી તથા નિરીશ્વર-વાદી સિદ્ધાંતોને આધારે ઉમદામાં ઉમદા જે કંઈ નૈતિક શિક્ષણ આપી શકાય તેવું શિક્ષણ આ મહાન પુરુષ આપતો હતો. દાખલા તરીકે તે એવું શિખવતો હતો કે માણસનું મોટામાં મોટું કલ્યાણ ઇંદ્રિયગમ્ય આનંદમાં, દ્રવ્યમાં, માનમાં અથવા રાજસત્તામાં નહિ, પરંતુ મનની શાંતિમાં, તથા કાબુમાં રાખેલો શુદ્ધ આત્મા સંપાદન કરવામાં સમાએલું છે. સત્ય બોલવા વિષે, હિંમત રાખવા વિષે, ડહાપણ વિષે, ન્યાય વિષે, સ્વાંકુશ વિષે, બુદ્ધિનું સન્માન રાખવા વિષે તથા કાયદાને આધીન થવા વિષે તેનાં ઘણાં સુંદર પ્રવચનો મોજુદ છે. તથાપિ એ દેખીતું છે કે વસ્તુનું મનન કરવાથી ઉપલા આદર્શો પૈકી એકે પ્રાપ્ત થઇ શકે એમ નથી.

જુદી જુદી બે સંજ્ઞાને આધારે ડીમોક્રોટસ વિશ્વનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરતો હતો, એટલે દિક્ તથા અણુ; અથવા ખાલીપણું તથા ભરપુરપણું. અણુ અસંખ્ય હોય છે, અપરિમિત દિક્માં હીલચાલ કરે છે અને તેમાંથી પરિમિત જગતો ઉત્પન્ન થાય છે. આ અણુઓ અનાદિ છે તથા અવિનાશી પણ છે. ખરી ઉત્પત્તિ થઇ નથી, તેમજ ખરો વિનાશ થવાનો નથી. જે કંઈ વાસ્તવિક હોય તેની હસ્તી કદી નાબૂદ થતી નથી. ઉત્પત્તિનો ખરો અર્થ ભેગા થવું એવો થાય છે, અને વિનાશનો ખરો અર્થ વિખરાઇ જવું એવો થાય છે. વિશ્વમાં જેટલી વસ્તુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા શક્તિ હોય છે તેટલી તે કાયમ રહે છે. શક્તિ એટલે શું ? તેનો જવાબ ડીમોક્રીટસ એવો આપે છે કે તે તો ગતિમાન થએલી વસ્તુ જ છે. કોઈ પણ બે અણુની વચ્ચે જે કંઈ તફાવત હોય તે તફાવત તેમના માપને લગતો છે, તેમના ગુણને લગતો નથી. તેઓ માત્ર પોતાના આકાર, પોતાની પરસ્પરની સ્થિતિ તથા વ્યવસ્થા સંબંધી એક બીજાથી જુદા જણાય છે. પાણી લોઢાથી જુદું હોય તો તે એટલી જ બાબતમાં જુદું છે કે તેનાં અણુઓ ગોળ આકારનાં તથા સુંવાળાં હોય છે; અને તેઓ એક બીજાને બંધબેસતાં હોતાં નથી પણ એકબીજા પર થઇને ગબડતાં હોય છે. તેની સાથે લોઢાનાં અણુ સરખાવીએ તો તેઓ નાનાંમોટાં છે; જુદા જુદા આકારનાં છે, અને એક બીજાની સાથે સજ્જડ જામી જાય છે. આત્મા તે માત્ર શરીરની અંદરનું એક બીજું શરીર છે. તે પણ અણુનોજ બનેલો છે, તથાપિ તેનાં અણુ વિશેષ સૂક્ષ્મ અને અતિશય બારીક છે. દરેક વસ્તુમાં અન્ય વસ્તુ પર સંસ્કાર પાડવાની અમુક શક્તિ હોય છે. એવી રીતે ડીમોક્રીટસ વસ્તુભેદનનો ખુલાસો કરતો હતો, અને એમ પણ શિખવતો હતો કે વિચાર તો માત્ર વસ્તુભેદનનું અમુક વિશેષ શુદ્ધ સ્વરૂપ છે.

અણુઓ શાથી હીલચાલ કરે છે અને વ્યવસ્થિત દુનિયા ઉત્પન્ન કરવા માટે તેઓ શી રીતે એકઠાં મળે છે, એ સમસ્ત દુનિયાઈ જડવાદને લગતો એક વિકટ પ્રશ્ન છે, અને તેના બે જવાબ આપી શકાય છે. કાંતો વિશ્વથી પર હોય એવી કોઈ પણ વ્યક્તિએ એમ કર્યું છે, કાંતો કોઈ આવશ્યકતાના નિયમથી એમ થયું છે, એ બેમાંનો એક જવાબ સ્વીકાર્યા વિના છુટકો નથી. ત્રીજો જવાબ હજી સુધી કોઈએ આપ્યો જ નથી. એ પ્રમાણે ડીમોક્રીટસ આવશ્યકતાનો આશરો લે છે. કોઈ પણ સર્વોપરી મન અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હેતુરૂપ કારણનો સ્વીકાર કરવા તે રાજી ન હતો, અને તેથી તેઓને બદલે તે એક નર્યો યાંત્રિક, અચેતન તથા હેતુહીન આવશ્યકતાનો નિયમ દાખલ કરે છે.

હવે આવી દરેક વિચારસરણીમાં તેના પોતાના વિનાશનાં બી સમાએલાં હોય છે. જડવાદને આધારે એમજ માનવું પડે છે કે આપણું સઘળું જ્ઞાન આખરે વસ્તુબોધન પર આધાર રાખે છે, અને આપણે ઉપર જોઇ ગયા તેમ જ્ઞાનના આધાર તરીકે ઈંદ્રિયજ્ઞાન સલામતીભર્યું નથી. તત્ત્વજ્ઞાનીઓએ જ્યાંકહીં વસ્તુબોધનવાદનો આશ્રય લીધો છે ત્યાં તેમાંથી સંશયવાદ તથા અજ્ઞેયવાદ ઉપસ્થિત થયા વગર રહ્યા નથી.

આ બંને એટલે વસ્તુ બોધનવાદ તથા સંશયવાદ હમેશાં પોતાને જન્મ આપનારી માને ભરખી જાય છે. જો વસ્તુ સિવાય કંઈ વાસ્તવિક નથી તો વસ્તુભેદનનો અર્થ શો? વસ્તુ પર વસ્તુ જે સંસ્કાર પાડે તે વિના બીજું શું હોય? એમ ડીમોક્રીટસના કહ્યા પ્રમાણે વિચારને એક પ્રકારનું વસ્તુભેદન માનવું પડે. આનો અર્થ એવો થાય છે કે વસ્તુના સ્વરૂપ સંબંધી આપણે કંઇ જ જાણી શકતા નથી. વધારેમાં વધારે એટલું જાણી શકીએ કે આપણી ઈંદ્રિયો વડે ફલાણી વસ્તુની આપણા પર ફલાણી અસર થાય છે, જેમકે હું આ મેજનો રંગ જોઉં છું, મને આ નારંગીની વાસ આવે છે, પવનને લીધે આ ઝાડનાં પાંદડાંનો અવાજ મારે કાને પડે છે. સ્વતઃ મેજ વિષે, સ્વતઃ નારંગી વિષે કે સ્વતઃ પવન વિષે આપણે કંઇજ જાણી શકીએ નહિ. સઘળા સંજોગોમાં સઘળાં માણસોને માટે ખરૂં પડે એવું એક પણ વિધાન આપણે કરી શકીએ નહિ. સઘળું જ્ઞાન સાપેક્ષ હોય છે. દરેક વસ્તુ તમને જુદી લાગે અને મને પણ જુદી લાગે પણ તે ખરેખરી કેવી છે એ વિષે કોને ખબર?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ મુશ્કેલી ડીમોક્રીટસને પણ દેખાતી હતી, અને તેથી તે કહેતો હતો કે દિક્ અને અણુ સિવાય કંઇ વાસ્તવિક નથી. પરંતુ ડીમોક્રીટસના સઘળા જ્ઞાનનો આધાર ઇંદ્રિયાનુભવ પર રહેતો હતો તો દિક્ અને અણુ પણ વાસ્તવિક છે એવું તે શા આધારે કહેતો હશે? વળી જે ડીમોક્રીટસ એક વખતે આપણને એવું જણાવે છે કે સઘળું સત્ય વસ્તુભેદનમાં સમાએલું છે તે જ ડીમોક્રીટસ બીજી વખતે કહે છે કે તેમાં સત્ય છે જ નહિ. આખરે સત્ય કુવાને તળીએ પડી રહે છે અને તે જડવું મુશ્કેલ બને છે, એવું તેને કહેવું પડ્યું એમાં નવાઈ શી?! વળી એમાં પણ નવાઈ જેવું કંઈ નથી કે તેની પાછળના કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓને કબૂલ કરવું પડ્યું હતું કે વિશ્વમાં સત્ય જેવું કંઇ જ નથી. આ નુકસાનકારક શિક્ષણ સોફિસ્ટ તત્ત્વજ્ઞાનીઓના વખતમાં તેની પરાકાષ્ટાએ પહોંચ્યું. તેમને વિષે બહુ કહેવાની જરૂર નથી. માત્ર એટલું જ કહેવાજોગ છે કે તેઓ સત્યને ચાહતા નહોતા, તેને શોધતા ન હતા, તેમજ સત્ય છે એવું માનતા પણ ન હતા. રાજદ્વારી બાબતોમાં અસરકારક ભાષણ કેવી રીતે કરવું એ શિખવેવા માટે તેઓ સારૂં મહેનતાણું લેતા હતા, અને બુદ્ધિનો દુરુપયોગ કરીને પોતાનાં પેટ ભરતા હતા.

## ( ब ) જડવાદ પ્રત્યે ગ્રીક પ્રત્યાઘાત :

આ સિદ્ધાંતો સોક્રેટીસ તથા પ્લેટોને ખોટા લાગ્યા, અને તેઓને એમ પણ લાગ્યું કે તે સ્વીકારવામાં આવે તો તેથી વ્યક્તિગત તથા સમષ્ટિગત આત્માનું સત્યાનાશ વળી ગયા વગર રહે જ નહિ. આથી તેઓએ જડવાદનો સામનો કરવાનું માથે લીધું, અને એથી ઉલટા સિદ્ધાંતો સ્વીકારવા જોઇએ એમ સાબિત કરવાના પ્રયત્ન તેઓ પોતાના જીવનના અંત સુધી કરતા હતા. ઇંદ્રિયો કરતાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચાર મહત્ત્વનો છે અને વિશ્વનો ખુલાસો કરવા માટે વિશેષ પાયારૂપી છે એમ તેઓ શિખવતા હતા. શરીર કરતાં આત્મા ઇષ્ટ છે. સત્ય સાપેક્ષ છે એ વાતનો નકાર તેઓ હઠેઠથી કરતા હતા, અને શિખવતા હતા કે સઘળા સંજોગોમાં તથા સઘળાં માણુસોને માટે ખરાં પડે એવાં સત્ય દુનિયામાં છે, અને માણસો તેની શોધ કરે તો તે તેમને પ્રાપ્ત પણ થઇ શકે. વળી એવાં સત્યની શોધ કરવી એ માણસના જીવનનો મુખ્યાર્થ છે, અને તે તેને પ્રાપ્ત થાય એમાં તેનો મોટામાં મોટો મહિમા સમાએલો છે.

ગ્રીક તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આનેક્ષાગોરાસે સૌથી પહેલાં ઉત્પત્તિનો વિચાર રજુ કર્યો હતો, અને તે શિખવતો હતો કે ઉત્પત્તિનું કામ કોઇ અમુક સનાતન બુદ્ધિનું હોવું જોઇએ. દુનિયાની રચના જોઈને તેના મન પર એવી અસર થઈ હતી કે તે અકસ્માત થએલી હોઇ શકે નહિ. તેના દરેક ભાગમાં યોજના માલૂમ પડી આવે છે, અને જ્યાં યોજના માલૂમ પડે છે ત્યાં મનની હસ્તી સમજ્યા વિના છુટકો નથી. આ પ્રમાણે સૃષ્ટિની સુવ્યવસ્થાને આધારે ઇશ્વરની હસ્તી સાબિત કરવાની જે દલીલ કરવામાં આવે છે તે આજ સુધી ચાલુ રહેલી છે. જડવાદીઓને આ દલીલ વિશેષ આક્રમણકારી લાગે છે, પરંતુ તે કોઇ નાબૂદ કરી શકયું નથી. તે નાબૂદ કરવાના ઘણા પ્રયત્ન કરવામાં આવ્યા છે, પરંતુ જે દલીલને આધારે તે નાબૂદ થાય તે દલીલને આધારે તો એમજ માનવું પડે કે સઘળું જ્ઞાન અશક્ય છે. જુઓ પહેલું વ્યાખ્યાન.

પ્લેટોના તત્ત્વજ્ઞાનનો ખુલાસો અત્રે કરવાની જગા નથી, તે વિષે હવે પછી પ્રસિદ્ધ થનાર 'વ્યક્તિત્વ અને નિર્વ્યક્તિત્વ' નામના મારા પુસ્તકમાં વાંચવા મળશે. પરંતુ ટુંકામાં તે એવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિખવતો હતો કે સઘળું વિચારરૂપે હસ્તી ધરાવે છે. દાખલા તરીકે દશ્ય દુનિયામાં જાત જાતની મેજ જોવામાં આવે છે, કોઈ ગોળ, કોઈ ચોરસ, કોઈ ઉંચી, કોઈ નીચી, એમ જુદા જુદા ઘાટની અગણિત મેજો દુનિયામાં છે. પરંતુ આ સઘળી મેજ માત્ર પ્રતિરૂપે છે. તેઓમાં જે તત્ત્વ સામાન્ય હોય છે–જેને મેજપણું કહીએ–તે વિચારરૂપે અદશ્ય રહે છે. પ્લેટો કહે છે કે એજ ખરી મેજ છે. એજ પ્રમાણે તે શીખવે છે કે જેટલાં દશ્યો વિશ્વમાં જોવામાં આવે છે તે અમુક મૂળ વિચારનાં પ્રતિ-રૂપ દશ્યો છે. એમ સૌથી ઉમદા વિચાર તે ભલાઈ છે, અને તેજ વિશ્વમાં પ્રાધાન્ય ભોગવે છે.

એરિસ્ટોટલ પણ જડવાદનો સામનો કરતો હતો અને શિખવતો હતો કે દરેક દશ્ય વસ્તુનું કારણ હોય છે. વળી આપણા મનની રચના એવી છે કે દરેક વસ્તુનું કારણ શોધ્યા વગર આપણે રહી શકીએ નહિ. વળી બારીકાઇથી જોઇએ છીએ ત્યારે માલૂમ પડે છે કે દરેક વસ્તુ કારણ છે અને પરિણામ પણ છે; તે પછી થનાર અમુક બીનાનું કારણ છે, અને આગળ બની ગએલી અમુક બીનાનું પરિણામ પણ છે. એમ કરતાં કરતાં કારણ અને પરિ-ણામ આખા વિશ્વમાં ઓતપ્રોત થઇ રહેલાં છે. પરંતુ માણસના મનની રચના એવી પણ છે કે તે અનાદિ કાળથી થતી આવેલી કારણપરિણામની માળા સ્વીકારી શકતું નથી. અમુક પ્રથમ કારણ માન્યા વગર તે રહી શકતું નથી. સઘળાનું પ્રથમ કારણ તે તો ઇશ્વર છે. વળી એરિસ્ટોટલ એથીએ આગળ વધીને જણાવે છે કે વિશ્વમાં ચાર પ્રકારનાં કારણો નજરે પડે છે: ઉત્પાદક કારણ, સાધનરૂપ કારણ, મૂળરૂપ કારણ અને હેતુરૂપ કારણ. જુઓ 'ઉત્પત્તિ' વિષેનું વ્યાખ્યાન. વિશ્વની રચનામાં આ ચારે કારણો ઓતપ્રોત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ રહેલાં માલૂમ પડે છે, અને તે પૈકી ગમે તે એક કારણના દષ્ટિબિંદુથી વિશ્વને નિહાળીએ તોપણ આખરે વિશ્વનું એક પ્રથમ કારણ હોવું જોઈએ એ વિષે ખાતરી થયા વગર રહેતી નથી. આવી રીતે એરિસ્ટોટલે પોતાના કારણવાદરૂપે જે કિલ્લો ચણ્યો હતો તે પર આજપર્યંત જડવાદના થએલા સર્વ હલ્લા ફોકટ ગએલા માલૂમ પડે છે. અફસોસની વાત એ છે કે પ્લેટો કે એરિસ્ટોટલ નિરપેક્ષ સરજનહારના વિચારને પહોંચી શકયો ન હતો. આ બંને મહાન શિક્ષકો એમ માનતા હતા કે વસ્તુ ઈશ્વર સંબંધી અમુક પ્રકારનું સ્વાયત્તશાસન ધરાવે છે, એટલે હસ્તીમાં હોય એવી વસ્તુમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કરવામાં આવી હતી એમ તેઓ માનતા હતા. આ હિસાબે તો ઈશ્વર સરજન-હાર નહિ પણ એક મહાન કારીગર ગણાય. આ કારણથી એ બેમાંનો એકે જણ જડવાદ પર સંપૂર્ણ જય મેળવી શકયો નહિ.

## ( ૬ ) એપિકયુરસ :

પ્લેટો તથા એરિસ્ટોટલના સમય પછી ગ્રીસ દેશમાં જે તત્ત્વજ્ઞાનસરણી ઉપસ્થિત થયેલી તે દેખીતી રીતે ઓછા મહત્ત્વની માલૂમ પડે છે. સોક્રેટીસ, પ્લેટો તથા એરિસ્ટોટલના અવસાન પછી ગ્રીક તત્ત્વજ્ઞાનનો સોનેરી જમાનો વીતી ગયો એ નિર્વિવાદ છે. આ મહાન પુરુષોના વખત પછી જે વિચારસરણીઓ ઉપસ્થિત થઈ તેમાંની એક એપિકયુરસના નામ પરથી ઓળખવામાં આવે છે. આ સરણી ડીમોક્રીટસના તત્ત્વજ્ઞાન પર જ સ્થાપિત થએલી માલૂમ પડે છે, અને તેમાં તેના સિદ્ધાંતોનો વિશેષ વિસ્તાર કરવા-માં આવેલો જણાય છે. એમ એપિકયુરસની વિચારસરણીમાં પ્રાચીન દુનિયાનો જડવાદ તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયેલો માલૂમ પડે છે. એપિકયુરસ જાતે લોકપ્રિય હતો, અને પોતાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચારસરણી પ્રત્યે જનતાને આકર્ષવાની બાબતમાં તે એ કારણથી ભાગ્યશાળી હતો કે તેને પોતાના જેટલા જ લોકપ્રિય કવિનો સાથ પણ મળ્યો. એપિક્યુરસ પોતે ગ્રીક હતો, ત્યારે લ્યુક્રેશિઅસ રોમન હતો.

હવે એપિક્યુરસ સત્ય પરના પ્રેમની ખાતર તેને શોધતો ન હતો, અને એમ કરૂં છું એવો દાવો પણ કરતો ન હતો. સત્ય શોધવાનો તેનો હેતુ સુખાનુભવ પ્રાપ્ત કરવાનો હતો, અને એજ હેતુથી તે અન્યને પણ તે શોધવાની ભલામણ કરતો. તેના દૃષ્ટિ-બિંદુથી સત્ય તથા સદાચારનું મૂલ્ય એજ બાબતમાં સમાએલું છે કે તે વડે દુઃખથી દૂર રહી શકાય છે, અને સુખાનુભવ પ્રાપ્ત થઇ શકે છે. લ્યુક્રેશિઅસને એપિક્યુરસનું શિક્ષણ શાં શાં કારણોને લીધે સારૂં લાગતું હતું એ વિષે તે આપણને હોંસભેર જણાવે છે. આ શિક્ષણદ્વારે બીકમાંથી મુક્તિ મળે છે એમ તેને લાગતું હતું. તે વડે ઇશ્વરના ક્રોધ વિષેના વિચારથી તેમજ આવનાર જીવનની ધાસ્તીથી માણસના મનને મુક્ત કરવામાં આવે છે.

હવે એપિક્યુરસ તથા લ્યુક્રેશિઅસના જમાનામાં ધર્મને નામે જાત જાતના વહેમ ઉપસ્થિત થયા હતા એ દૃષ્ટિએ જોઈએ છીએ ત્યારે તેમના આ હેતુ સંબંધી આપણે કદાપિ અમુક અંશે સહાનુભૂતિ દર્શાવવી પડે. છતાં આવા હેતુમાંથી જે કંઈ વિચાર-સરણી ઉપસ્થિત થાય તેમાં ખામી આવ્યા વિના શી રીતે રહી શકે, એ વિષે વિચાર કરવો ઘટે. પરંતુ એપિક્યુરીઅન લોકોનો મૂળ હેતુ ગમે તે હોય તો પણ એ વડે તેઓ ભૌતિક પ્રદેશનો અભ્યાસ કરવા માટે આકર્ષાયા હતા, અને તેની સઘળી ખામીઓ હોવા છતાં ભૌતિકશાસ્ત્રને લગતું કોઈ વિશેષ ઉપયોગી અનુમાન પ્રાચીન કાળમાંથી પ્રાપ્ત થયું હોય તો તે બેશક આ અણુવાદ જ છે. જડવસ્તુનાં મૂળ તત્ત્વો અણુ છે. એ અણુની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્પત્તિ કુદરતી શક્તિઓ વડે થઈ શકતી નથી, તેમજ તેનો નાશ પણ થઇ શકતો નથી; તેઓની સંખ્યામાં વધારોઘટાડો પણ થઈ શકતો નથી; એમ સ્થૂળ વસ્તુ જુદાં જુદાં રૂપોનાં અનંત સ્વરૂપમાં પરિવર્તન પામી શકે છે. તેમજ કુદરતી શક્તિઓ પણ નવી નવી અત્યંત દિશાઓમાં વાળી શકાય છે, છતાં વિશ્વમાં જેટલી વસ્તુ અને જેટલી શક્તિ હોય તેટલી જ તે કાયમ રહે છે, એ હજી પણ છેલ્લી ઢબના વિજ્ઞાનશાસ્ત્રીઓનો અભિપ્રાય છે. આ અનુમાનમાં અર્વાચીન વિજ્ઞાને વિશેષ જાણવા જેવો સુધારોવધારો કર્યોજ નથી; તેણે તો માત્ર ચોક્કસ પ્રયોગ વડે અમુક અમુક ક્ષેત્રમાં તેની સાબિતી કરી છે.

આ અણુવાદ ઠેઠ આપણા વખત સુધી ચાલુ રહેલો છે. આપણા વખતમાં અણુને લગતા જે નવા પ્રયોગ કરવામાં આવ્યા છે, તે ધ્યાનમાં રાખીને તે વિષે નવેનામે વિચાર કરવો પડશે એ દેખીતું છે. પરંતુ સ્થૂળ વસ્તુનાં મૂળ તત્ત્વો ગમે તે હોય–પછી તે અણુ હોય કે શક્તિ હોય–તોપણ ત્રણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે; તેના જવાબ જડવાદીઓએ આપ્યા વગર છુટકો નથી : ૧. આ અણુ કે શક્તિરૂપ તત્ત્વો અસલ છે તેનું પ્રમાણ શું? ૨. તેઓ સ્વયંભૂ છે એનો પુરાવો ક્યાં છે? ૩. માણસની બુદ્ધિ આટલામાં સંતોષ માનીને તેની હસ્તીનો ખુલાસો શા માટે ના માગે? આ પ્રશ્નોના જવાબમાં જડવાદ કશું જ કહી શકતો નથી.

તમામ જડવાદની માફક એપિકયુરીઅન જડવાદ પણ એવું વિધાન કરે છે કે વસ્તુ અનાદિ છે. આમ માનવાનું કારણ શું એમ પૂછવામાં આવે છે ત્યારે જડવાદી એમ કહે છે કે શૂન્યમાંથી કંઈ નીકળી આવવું એ અશક્ય છે. કારણવાદનો નિયમ એ છે કે જે કંઈ પહેલાં હસ્તીમાં હતું નહિ તે પોતાની મેળે હસ્તીમાં આવે એ અશક્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. પુરતા કારણ વિના કશાની ઉત્પત્તિ થઈ શકે નહિ. જડવાદીઓ કહે છે કે સ્થૂળ વસ્તુ છે તેથી તે અનાદિ કાળથી હશે એમ માન્યે જ છુટકો. તેની ઉત્પત્તિ થઈ શકે નહિ. એમ જે નિર્ણય તેઓ સાબિત કરવા માગે છે તેજ નિર્ણય તેમની સઘળી દલીલોનો આધાર પણ છે. દુનિયાભરના પ્રમાણશાસ્ત્ર પ્રમાણે આ તો તર્કશાસ્ત્રની તદ્દન વિરૂદ્ધ છે. આ ભૂલને સંસ્કૃત ભાષામાં સાધ્યસમ કહેવામાં આવે છે, એટલે જે સાબિત કરવાનું છે તે સાધ્યને તેના પોતાના કારણ તરીકે રજુ કરવામાં આવે છે. છતાં જડવાદનું સાહિત્ય આટલું બધું વિસ્તૃત હોવા છતાં જેથી આ પ્રમાણપદ્ધતિ યથાર્થ ઠરે એવું એક પણ કારણ કે એવી એક પણ દલીલ ડીમોક્રીટસથી માંડીને આજકાલના બર્ટ્રાન્ડ રસલ સુધીના એકે સાહિત્યમાં શોધ્યુંએ જડતું નથી. આ પ્રમાણે જડવાદના પાયામાંજ જે અનુમાન રહેલું છે તે બુદ્ધિ પ્રમાણે અનુચિત છે. જગતની ઉત્પત્તિ થઈ શકે નહિ એવું વિજ્ઞાન વડે અથવા બીજી કોઇ પણ રીતે સાબિત કરવામાં આવ્યું નથી.

વળી આપણને એમ જણાવવામાં આવે છે કે અણુ અનાદિ છે, એટલું જ નહિ પણ તેઓ શકય હોય તે તમામ આકારનાં પણ હોય છે. જો તેઓ પહેલાં સમાન હોત તો તેમાંથી વિશ્વની ઉત્પત્તિ થઈ શકી ન હોત. હવે અણુ આવી રીતે અસમાન કેવી રીતે બન્યાં અને તેમાંથી વ્યવસ્થિત વિશ્વ ઉત્પન્ન થઇ શકે એટલા બધા આકારનાં તે કેવી રીતે થયાં હશે એમ આપણે પૂછી શકીએ છીએ. આ પ્રશ્ન સંબંધી આજ દિન સુધીના તમામ જડવાદીઓ અંધરાએલા માલૂમ પડે છે. તેઓ હઠ કરીને તે વિષે વિચાર કરવાની ના જ પાડે છે, અને દુનિયા અકસ્માતની એક અનંત બીનાની માળાને પ્રતાપે હસ્તીમાં આવી છે એવું તેઓ આપણને મનાવવા ઇચ્છે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં આ બાબતમાં આજકાલના તેમના અનુગામીઓ કરતાં એપિક્યુરીઅન લોકો વધારે ડહાપણ દર્શાવતા માલૂમ પડે છે, એટલે તેમને આ મુશ્કેલી જણાતી હતી, અને તેમાંથી બચવાનો રસ્તો તેઓ શોધતા હતા. અણુ એકબીજાની સાથે કેવી રીતે મળી જાય છે તેનો ખુલાસો તેઓ આવી રીતે કરતા હતા: સૌથી પહેલાં અપરિમિત દિક્‌માં થઈને ઊભી સીધી લીટીમાં અસંખ્ય અણુઓ પડતાં હોય એવી કલ્પના કરવાની ભલામણ તેઓ આપણને કરે છે. હવે દેખીતું છે કે આ અણુઓ એવી રીતે એકબીજાની સાથે કદી પણ મળી શકે નહિ. કોઈ પણ રીતે અણુ એકબીજાની સાથે અથડામણમાં આવે એ આવશ્યક છે. ડીમોક્રીટસ એવો ખુલાસો કરતો હતો કે નાનાં અણુ કરતાં મોટાં અણુનું વજન વધારે હોવાથી તેઓ વધારે વેગથી પડે છે, અને તેથી અથડામણ થાય છે. પરંતુ આ દલીલમાં જે ભૂલ રહેલી છે તે એરિસ્ટોટલ બતાવી શકતો હતો. આપણે હવામાં પથ્થર ફેંકીએ છીએ ત્યારે તેને નીચે પડતાં હવાથી અમુક અંશે અટકાવ થાય છે, પરંતુ ડીમોક્રીટસ માનતો હતો કે દિક્ ખાલી છે, તેથી નીચે પડતાં અણુને કશાથી અટકાવ થઈ શકે નહિ, તેથી એરિસ્ટોટલ એવી દલીલ કરતો હતો કે આ સ્થિતિમાં, એટલે જેમાં કશાથી અટકાવ થતો નથી એવી સ્થિતિમાં, અણુ નાનાં હોય કે મોટાં તોપણ તેઓ એક સરખા વેગે પડશે. વળી આ દલીલ સાચી હતી, તેથી ડીમોક્રીટસના અનુમાનમાં શી રીતે સુધારો થઈ શકે એ વિષે એપિક્યુરીઅન લોકોને વિચાર કરવો પડયો. તેથી તેઓએ એવી કલ્પના કરી કે અમુક અણુ પોતાના માર્ગમાંથી સહેજે ખસી ગયાં હશે અને તેથી અથડામણ થઈ હશે. પરંતુ આથી એક બીજી મુશ્કેલી ઉપસ્થિત થઈ, તે એ કે અણુ પોતાના માર્ગમાંથી શી રીતે ખસી ગયાં હશે ? કઈ અસરથી આમ થયું હશે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ અસર બાહ્ય હોય એવું તો તેઓના સિદ્ધાંત પ્રમાણે માની શકાય નહિ; કેમકે તેઓ એવું શિખવતા હતા કે અણુની બહાર ખાલી દિક્ સિવાય બીજું કંઈજ નથી. આખરે તેમને કબૂલ કરવું પડયું કે અણુમાં થોડી થોડી ઇચ્છાશક્તિ રહેલી હશે.

હવે એપિક્યુરીઅન લોકોના વખતમાં જુદી જુદી બે માન્યતા પ્રબળ હતીઃ પહેલી, ઈશ્વરે જગત ઉત્પન્ન કર્યું હતું એવી ઈશ્વરવાદીઓની માન્યતા; અને બીજી, વિશ્વ પર દૈવ અધિકાર ચલાવે છે એવી અન્ય માણુસોની માન્યતા. આ બેમાંની એકે માન્યતા સ્વીકારવા તેઓ રાજી ન હતા, અને આ રીતે એ બંનેમાંથી બચાવ થાય એમ છે .એમ તેમને લાગતું હતું. પરંતુ સાચા તત્ત્વજ્ઞાન પ્રમાણે અણુ પોતાના માર્ગમાંથી શી રીતે ખસી ગયાં તેનો ખુલાસો કરવો જ જોઈએ. અસંખ્ય અણુમાં થોડી થોડી ઇચ્છાશક્તિ ક્યાંથી આવી ? વળી જો હોય તો એક સર્વોપરી ઇચ્છાશક્તિને બદલે જગતના ઉત્પાદક કારણુ તરીકે નાના પ્રકારની અગણિત ભિન્ન ભિન્ન ઇચ્છાશક્તિઓ માનવી પડે. દેખીતી રીતે જેમાંથી આ સઘળી નાના પ્રકારની ઇચ્છાશક્તિ ઉપસ્થિત થઈ હોય એવી એકાદ સર્વોપરી ઇચ્છાશક્તિ માન્યા વગર આપણો છુટકો નથી. જો કશામાંએ ઇચ્છાશક્તિ માનીએ તો સર્વોપરી ઇચ્છાશક્તિ માનવામાં શો વાંધો ?

હવે એપિક્યુરીઅન લોકો દૈવને માનવા ઇચ્છતા ન હતા, તેથી તેમને ન છુટકે માણુસની મુક્તેચ્છા માનવી પડતી હતી. પરંતુ માણુસમાં મુક્તેચ્છા હોય તો બીજે ઠેકાણે તે છે જ નહિ એમ આપણે શા આધારે કહી શકીએ ? હવે કુદરતમાં આવશ્યકતા સિવાય કંઇ નથી એવું કોઈ પણ જડવાદી માની બેસે તો તેણે એમ પણ માનવું જોઈએ કે માણુસમાં પણ આવશ્યકતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સિવાય બીજું કંઈ નથી. જો તે એવી દલીલ કરે કે માણસમાં મુક્તેચ્છા છે તો તેણે એમ પણ કબૂલ કરવું જોઈએ કે મુક્તેચ્છા કુદરતમાં પણ છે. કાંતો એ બંનેમાં આવશ્યકતા માનવી પડે, કાંતો બંનેમાં મુક્તેચ્છા માનવી પડે. ઐચ્છિક કૃત્યો નર્યાં યાંત્રિક કારણોમાંથી ઉપજાવવાના જેટલા પ્રયત્ન કરવામાં આવ્યા છે તેટલા ફોકટ ગયા છે.

પોતાની આ બધી દલીલો રચવામાં લ્યુસિપ્પસ તથા એપિક્યુરસે બુદ્ધિનો ઉપયોગ કર્યો હશે તો પછી તેઓએ ઇચ્છાશક્તિ ઉપરાંત પોતાનાં અણુમાં બુદ્ધિ કેમ ન મૂકી? વળી એ ઉપરાંત લાગણી અને પ્રેરકબુદ્ધિ પણ મૂકીને તેઓએ તેમને આખું મન કેમ ન આપ્યું? જે જુજ ઇચ્છાશક્તિ તેઓએ પોતાનાં અણુઓને આપી હતી એ તો આખા વિશ્વની ઉત્પત્તિ કરવા પુરતી ન હતી એ દેખીતું છે.

પોતાની વિચારસરણીની જરૂરીઆતો પ્રમાણે આવી રીતે પોતાનાં અણુનો ઘાટ ઘડ્યા પછી વિશ્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ હતી એ વિષે એપિક્યુરસ ખુલાસો કરવા લાગ્યો. ટુંકામાં કહીએ તો ચાલે કે તેણે ઉત્ક્રાંતિવાદને આધારે વિશ્વની ઉત્પત્તિનો ખુલાસો કરવાના પ્રયત્ન કર્યા. પહેલાં નિરિન્દ્રીય વસ્તુ ઉપસ્થિત થઈ, પછી સેન્દ્રીય પ્રાણીઓ ઉપસ્થિત થયાં, તેમાંથી માણસ ઉત્પન્ન થયું, માણસ બોલવા લાગ્યાં, અને પોતાના સમાજની વ્યવસ્થા તથા સરકારની સ્થાપના કરવા લાગ્યાં, અને આખરે ધર્મની ઉત્પત્તિ થઈ. આધુનિક જમાનામાં આ વિકાસવિષયક અનુમાનની જુદી જુદી વિગતોમાં સુધારોવધારો કરવામાં આવ્યો છે ખરો, છતાં તે આજે છે એટલુંજ વિસ્તૃત લ્યુક્રેશિઅસના વખતમાં પણ હતું. ઉત્ક્રાંતિવાદનાં હેતુ તથા પદ્ધતિ હજી તેનાં તેજ છે, તેમજ તેના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્ણયો પણ ઘણી વખતે તેના તેજ માલૂમ પડે છે. સિદ્ધાંત તરીકે મારે ઉત્ક્રાંતિવાદ સાથે કશી તકરાર નથી. માત્ર નિરીશ્વરવાદ સાથે જ્યારે તેને જોડી દેવામાં આવે છે ત્યારે વાંધો ઊભો થાય છે.

એપિકયુરસ ઈશ્વરની હસ્તી માનવા ના પાડતો હતો, તેજ પ્રમાણે તે આત્માના અમરપણાનો નકાર કરતો હતો. આ મતના અનુયાયીઓ આત્માના અમરપણાનો નકાર કરવા માગતા હતા, તેથીજ તે જડ છે એવું સાબિત કરવાના પ્રયત્ન પણ તેઓ કરતા હતા. મરણના વિચારથી ત્રાસી જતા આત્માને માટે લ્યુક્રેશિઅસ તથા એપિકયુરસ આટલોજ દિલાસો આપી શકતા હતા કે મરણદ્વારે જીવનના અનિષ્ટમાંથી બચી જઈ શકાય છે. જડવાદમાં માણસજાતને માટે આજપર્યંત જો કંઈ સુવાર્તા હોય તો તે આજ છે. જે વિચારસરણીમાં સૌથી પહેલા શબ્દો " આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી પેદા કર્યાં " એ છે તેના છેલ્લા શબ્દો સર્વકાળના જીવન વિષે પણ છે; ત્યારે જે વિચારસરણીમાં સૌથી પ્રથમ શબ્દો આદિએ દિક્ તથા અણુ હતાં એ છે તેના છેલ્લા શબ્દો સર્વકાળના મરણ વિષે છે.

## ૩. અર્વાચીન જડવાદ :

મધ્ય યુગમાં ભૌતિકજ્ઞાન થોડું હતું તેથી જડવાદનું પ્રમાણ થોડું હતું. એ જમાનામાં તો ખ્રિસ્તી મંડળીનીજ સત્તા સર્વોપરી હતી અને તેના અધ્યક્ષો ઘણું કરીને ઈશ્વરવિદ્યા તથા તત્ત્વજ્ઞાન સિવાય બીજા કશામાં રસ લેતા ન હતા. વળી મંડળીના કેટલાક જ્ઞાની નેતાઓ ઈશ્વરવિદ્યા તથા તત્ત્વજ્ઞાનનું એકીકરણ કરવાના પ્રયત્ન કરતા હતા. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઘણી કલ્પનાઓ કરવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવતી હતી, પરંતુ એવી ઘણી ખરી કલ્પના ઈશ્વરવાદ તથા ખ્રિસ્તી સંપ્રદાયને અનુસરતી હતી. વળી એ જમાનામાં પણ મંડળીના કેટલાએક અધ્યક્ષો સર્વેશ્વરવાદ પ્રત્યે વલણ રાખતા હતા, અને એને લગતા વિચારોને આધારે પોતાના ધાર્મિક અનુભવનું વર્ણન કરવાના પ્રયત્ન કરતા હતા. આ વૃત્તિને Mysticism એટલે યોગવાદ કહેવામાં આવે છે, અને તે વિષે હવે પછીના વ્યાખ્યાનમાં મારે કંઇક કહેવાનું છે. પરંતુ જો કે સર્વેશ્વરવાદ મંડળીની વિચારણામાં પ્રવેશ પામ્યો હતો ખરો તોપણ એ સર્વેશ્વરવાદ જડવાદી નહિ પણ આત્મિક હતો, એટલે તે કેટલીક રીતે વેદાંતના સર્વેશ્વરવાદને મળતો આવતો માલૂમ પડે છે. એ જમાનામાં પણ ઇસ્લામ યુરોપના અમુક ભાગોમાં પ્રસરી ગયેલો હતો. મુસ્લિમ લોકો તો ભૌતિકશાસ્ત્રમાં રસ લેતા હતા, અને તેમના પ્રયત્ન વડે વિજ્ઞાનની કેટલીક શાખામાં સારો વધારો પણ થયો હતો. છતાં ખ્રિસ્તીઓ જડવાદને જેટલો ધિક્કારતા હતા તેટલો તેઓ પણ ધિક્કારતા હતા. એમ યુરોપ ખંડ વિષે કહીએ શકાય કે તેના ઇતિહાસમાં ઘણા સૈકા સુધી જડવાદનો પત્તોએ લાગતો નથી. પરંતુ સોળમા સૈકામાં જેને ધર્મસુધારણાનો જમાનો કહેવામાં આવે છે તે શરૂ થયો. તે પહેલાં કેટલાક વખતથી મંડળીમાં અશાંતિ હતી, અને તેના નેતાઓની અસર ઓછી થતી જતી હતી. દરેક માણસને પોતાના મગજનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાનો અધિકાર છે એ વિચાર ઘણા વખતથી પ્રબળ થતો આવ્યો હતો, તેથી મંડળીમાં ફુટ પડી. તે પછી વિચાર કરવાની બાબતમાં અમે મંડળીના અધિકારીઓથી સ્વતંત્ર થયા છીએ એમ સમજીને લોકો આનંદ કરવા લાગ્યા. સરવાળે આ બીનાને લીધે ખ્રિસ્તી જનતાને ચોખ્ખો લાભ થયો; પરંતુ લાભની સાથે ગેરલાભ પણ થયો હતો. એક ગેરલાભ તો એ હતો કે ઘણા દેશોમાં જડવાદ પ્રત્યે નવું વલણ દેખાવા લાગ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં જેને જડવાદ કહી શકાય એવી કોઈ વિચારસરણી ઉપસ્થિત થતાં વાર વાગી, અને છેક આધુનિક ઇતિહાસ વાંચીએ છીએ ત્યારે જ એવી કોઈ વિચારસરણી વિષે જાણવા મળે છે.

( ૧ ) અંગ્રેજ જડવાદ : લૉર્ડ બેકન એરિસ્ટોટલના કરતાં ડીમોક્રીટસનું મહત્ત્વ વધારે સમજતો હતો, છતાં તે જડવાદી ન હતો. તે માત્ર એટલું જ માનતો હતો કે અણુવાદ એક ઉપયોગી અનુમાન છે અને પાકા પાયા પર આધારભૂત છે. ટૉમસ હોબ્બસ તેના કરતાં બહુ આગળ વધી ગયો હતો. તેનો વિશેષ ગુણ એ હતો કે જેને બુદ્ધિ પહોંચી ન શકે એવાં તત્ત્વો ધર્મમાં રહેલાં છે એવું સમજીને તેનો ખુલાસો કરવાના સૌથી પ્રથમ પ્રયત્ન તેણે ઇસિવી સનના સત્તરમા સૈકામાં કર્યા. અલબત, તેના નિર્ણય સાચા ન હતા. ધર્મ એકલા મનુષ્યમાં માલૂમ પડે છે એ પરથી તેણે એવી દલીલ કરી કે તે ખાસ મનુષ્યનું હોય એવા કોઈ લક્ષણ પર આધારભૂત હશે. એ લક્ષણ શું છે તેના જવાબમાં તે એવું શિખવતો હતો કે તે તો ચિંતા છે. ધર્મના આધાર તરીકે લ્યુક્રેશિઅસ બીક રજુ કરતો હતો, ત્યારે હોબ્બસ ચિંતા રજુ કરે છે. આ ચિંતા હોવાને લીધે જે બીનાઓ પર પોતાના ભૂંડા કે ભલા ભાવિનો આધાર રહે છે તે વિષે મનુષ્ય જિજ્ઞાસુ બને છે, અને બીનાઓની વ્યવસ્થા તથા અનુક્રમ તેમજ તેઓના પરસ્પર સંબંધ ધ્યાનમાં રાખીને તે કાંતો પોતે પોતાની ચિંતાનાં કારણો કલ્પી લે છે, કાંતો અન્યના અધિકારથી સ્વીકારી લે છે. પરંતુ આ કારણો તેને ભૌતિક પ્રદેશમાંથી મળી શકે એટલું જ્ઞાન ન હોવાને લીધે તે તેઓને કોઇ પરાક્રમ કે અવેજીરૂપે સમજી લે છે. એ પરાક્રમ કે અવેજીના સ્વરૂપ વિષે વિચાર કરતાં તે મારા પોતાના આત્માના જેવાં હશે એવો ખ્યાલ તેને આવે છે. વળી એ ખ્યાલ તેનાં સ્વપ્નો પર આધાર રાખે છે. એમ દાન તથા પ્રાર્થના વડે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવાં પરાક્રમીઓની મદદ શોધે છે. ધર્મનું મૂળ આ છે અને તેમાંથી બધી જાતની વિધિઓ ઉપસ્થિત થએલી છે. એ પ્રમાણે ધર્મ તો માત્ર એક વહેમ છે, પરંતુ તે ઉપયોગી વહેમ છે; કેમકે તે વડે માણસો પોતાના અધિકારીઓને આધીન રહેતાં શીખે છે. હોબ્બસનું એક અનુમાન સામાજિક ઠેકો એ નામે ઓળખાય છે (Social Contract). એ અનુમાન પ્રમાણે હૉબ્બસની સમજણ એ હતી કે સમાજની અસલ સ્થિતિમાં રાજા તથા પ્રજાની વચ્ચે એક કોલકરાર કરવામાં આવ્યો હતો, તેને અનુસરીને રાજાએ પ્રજાનું રક્ષણ કરવાનું વચન આપ્યું હતું, અને પ્રજાએ રાજાની સેવા કરવાનું વચન આપ્યું હતું. આ ઠેકો કે કરાર નર્યો કલ્પિત છે, અને માણસજાતના ઇતિહાસમાં તેનો પત્તોએ લાગતો નથી. છતાં હૉબ્બસની માન્યતા એવી હતી કે ધર્મ વડે આ ઠેકા કે કરારને ટેકો આપવામાં આવે છે.

હૉબ્બસનું તત્ત્વજ્ઞાન આ પ્રમાણે છેઃ બુદ્ધિનો આધાર ભૌતિકશાસ્ત્ર પર છે. જ્યારે આપણે આંકડાનો સરવાળો, બાદબાકી તથા વિભાગીકરણ અને એકીકરણ કરીએ છીએ ત્યારે જ આપણે બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ. આ વાત તો માત્ર પદાર્થ તથા તેના ગુણોને લાગુ પડે છે. બુદ્ધિ તથા આત્માની વચ્ચે કોઈ પણ જાતનો સંબંધ હોઇ શકે નહિ. પરિમિત આત્મા આપણી સમજણ કરતાં અધિક છે તો પછી અપરિમિત આત્મા વિષે તો કહેવું જ શું? અહીં આગળ બુદ્ધિ તથા આત્માના સ્વરૂપ સંબંધી હૉબ્બસનું દૃષ્ટિબિંદુ સંકુચિત હતું; અને ઘણી બાબતોમાં તેની ભૂલ હતી. સરવાળોબાદબાકી કરવાના કામમાં જ બુદ્ધિ વાપરવામાં આવે છે એવું કાંઈ નથી, તેમ જ બુદ્ધિનો સંબંધ માત્ર જડ વસ્તુઓની સાથે જ નથી. તત્ત્વજ્ઞાનનો સંબંધ તમામ વાસ્ત-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિકૃતા સાથે છે. આ અનુમાન પ્રમાણે હૉબ્બ્સ વળી એવું માનતો હતો કે સઘળા વિચાર વસ્તુભેદનમાંથી ઉપસ્થિત થાય છે, અને સઘળું વસ્તુભેદન સ્થૂળ વસ્તુ તથા તેની ગતિમાંથી ઉપસ્થિત થાય છે. આ હિસાબે મન સ્થૂળ વસ્તુના રૂપમાં ફરી જાય છે, અને વિચાર તથા લાગણી યાંત્રિક ક્રિયા સમાન બની જાય છે.

તે પછી વસ્તુના સ્વરૂપ વિષે હૉબ્બ્સ વિચાર કરવા લાગ્યો, અને તેને પરિણામે તેનો જડવાદ મરતાં મરતાં કોણ જાણે કેવી રીતે બચી ગયો! કેમકે આખરે તેને એવો અભિપ્રાય દર્શાવવો પડ્યો કે સ્થૂળ વસ્તુ વિષે આપણે કશું જ જાણી શકતા નથી. ખરી રીતે જોતાં જડવાદી કરતાં કલ્પનાવાદી તરીકે તે વધારે ફાવી ગયો હોત. ધર્મનાં સત્યો સાબિત થઇ શકતાં નથી એમ તે માનતો હતો, છતાં તે તેમનો સ્વીકાર વિશ્વાસથી કરતો હતો, વળી પોતાને ચર્ચ ઓવ ઈંગ્લંડના રૂઢિચુસ્ત સભાસદ તરીકે ગણાવવાનો દાવો પણ તે છેવટ સુધી કરતો હતો. આ પ્રમાણે હૉબ્બ્સનો જડવાદ દેખીતી રીતે જ અધુરો હતો, અને ઇંગ્લંડમાં જડવાદને અનુસરતી એક પણ મહત્ત્વની વિચારસરણી ઉપસ્થિત થઈ નથી એમ કહીએ તો ચાલે.

**(૨) ફ્રેન્ચ જડવાદ:** જ્યારે જડવાદરૂપી રોપો ફ્રાન્સની જમીનમાં રોપવામાં આવ્યો ત્યારે તે 'અનુકૂળ ભૂમિમાં વાવેલા લીલા વૃક્ષની પેઠે' વધવા લાગ્યો. અર્વાચીન યૂરોપીય જડવાદનો ખરો ફેલાવો ઇસવી સનના અઢારમા સૈકાના વચલા ભાગમાં થયેલો માલૂમ પડે છે. હું જડવાદી છું એવું સૌથી પહેલાં લા મેટ્રી નામના એક દાક્તરે જાહેર કર્યું હતું. આ માણસ કોઇ પણ હિસાબે વખાણવાલાયક માલૂમ પડતો નથી. તેનું જીવન અનુકરણીય ન હતું, તેમ જ તેની શક્તિ પણ થોડી જ હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની માનસિક શક્તિ કેટલી હતી તે એક જ દાખલા પરથી સમજી શકાય એમ છે, એટલે એક ઠેકાણે ઘણું કરીને ઈશ્વર હશે એમ તે જણાવે છે, અને થોડાં જ વાક્યો પછી એમ પણ જણાવે છે કે તેની હસ્તી માનવાનાં કારણો છે જ નહિ ! વળી એક ઠેકાણે તે એમ પણ કહે છે કે ઈશ્વર હોય તો પણ એટલાની જ ખાત્તર ધર્મની આવશ્યકતા દેખાતી નથી. એક ઠેકાણે તે કહે છે કે ઈશ્વર છે કે નહિ એ વાતનો આપણા સુખદુઃખ સાથે કોઈપણ જાતનો સંબંધ હોતો નથી, ત્યારે વળી બીજાં થોડાં પૃષ્ઠ ફેરવ્યા પછી આપણા વાંચવામાં આવે છે કે જ્યાં સુધી નિરીશ્વર-વાદ સર્વત્ર સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી મનુષ્યો કદી સુખી થવાનાંજ નથી. આ બંને વિધાન ખોટાં હોય એ બનવાજોગ છે, પણ તે બંને ખરાં હોઇ શકે નહિ એ દેખીતું છે. પરંતુ આ મુશ્કેલી લા મેટ્રીને સુઝી નહિ. આ પરથી મનુષ્ય તથા પશુની વચ્ચે ખાસ મહત્ત્વનો તફાવત નથી એવું લા મેટ્રી ધારતો હતો એમ આપણે વાંચીએ છીએ ત્યારે આપણને નવાઈ લાગતી નથી. જો કાંઇ તફાવત હોય તો તે એટલીજ વાતમાં સમાએલો છે કે પશુના કરતાં માણસનું મગજ વધારે વિકાસ પામેલું છે એટલુંજ. મગજ તથા આત્મા એકજ છે એમ તે શિખવતો હતો, એટલે મરણ વખતે શરીરની સાથે આત્માનો પણ નાશ થાય છે. એ પરથી તે એવું શિખવતો હતો કે માણસના જીવનનો મુખ્ય હેતુ સુખાનુભવ કરવાનો હોય છે. શરમ, નૈતિક શુદ્ધતા, પ્રેમ તથા મિત્રતાની તે કેવળ હાંસી કરતો હતો.

વૉન હોલ્બાહ એના કરતાં વધારે સારો માણસ હતો. તે એક જર્મન અમીર હતો, અને ફ્રાંસમાં આવીને વસેલો હતો. તેણે ઈ. સ. ૧૭૭૦માં ' કુદરતની વ્યવસ્થા ' નામે એક પુસ્તક લખ્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું. આ પુસ્તકમાં તેણે ઇશ્વરની હસ્તીનો નકાર ઉત્સાહપૂર્વક અને ઇરાદાપૂર્વક કર્યો. તેણે પણ એવું શિક્ષણ આપ્યું કે ધર્મ તો બીકમાંથી ઉપસ્થિત થએલો છે. વ્યક્તિ તરીકે ઇશ્વર હસ્તી ધરાવતોજ નથી. કુદરત સિવાય બીજો ઇશ્વર છે જ નહિ. વળી એક જાણવા જેવી ખુબી એ છે કે તે એમ પણ શિખવતો હતો કે આ 'સત્ય' સાધારણ લોકસંપ્રદાય માટે નથી, પણ માત્ર સમજુક અને સુશિક્ષિત માણસોને માટે છે. માણસ નાસ્તિક હોય માટે તે વિચારક પણ હોવો જોઇએ. તે આ શબ્દો લખતો હતો એવામાં ઐતિહાસિક બીનાઓ વડે તેમને ખોટા ઠરાવવામાં આવતા હતા. ઇશ્વર છે નહિ, આત્મા છે જ નહિ, વસ્તુ તથા ગતિ વિના વિશ્વમાં બીજું કશું જ છે નહિ એવાં એવાં વિધાનોને સમજતાં ફ્રાન્સના જનસમુદાયને કોઈ પણ જાતની મુશ્કેલી લાગતી ન હતી. આ વિધાન તો દુનિયાના ઇતિહાસમાં હજુ સુધી કોઇએ સાબિત કર્યાં નથી, પણ તેનો અર્થ બેવકુફમાં બેવકુફ માણસ પણ વગર મુશ્કેલીએ સમજી શકે છે.

ઇશ્વરની જગાએ વૉન હોલ્બાહ વસ્તુ તથા ગતિ રજુ કરે છે. સ્થૂળ વસ્તુ સ્વરૂપે ક્રિયાત્મક હોય છે એમ તે શિખવતો હતો. હવે ડીમોક્રીટસના વખતથી આજપર્યંત વિજ્ઞાનશાસ્ત્રીઓની સમજણ એવી જણાય છે કે તે અગણિત અણુઓની રચેલી હોય છે. આ અણુઓની તપાસ કરતાં પણ એવું માલૂમ પડે છે કે એવું દરેક અણુ અમુક કુદરતી શક્તિઓનું બનેલું છે, અને તે શક્તિઓના સ્વરૂપ વિષેની તપાસ હમણાં તેની પ્રાથમિક અવસ્થામાં છે. પરંતુ એ દેખીતું છે કે આ શક્તિઓ ગમે તેવી હોય તોપણ તેમના સ્વરૂપ તેમજ તેમની હસ્તીનો પણ ખુલાસો કરવાનું કામ હજી બાકી છે. હીલચાલ કરાવનાર વગર કોઇ પણ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાતની હીલચાલ હોઈ શકે નહિ, અને મૂળ વગર ખળ પણ હોઇ શકે નહિ, માટે આપણે જૂના અર્થ પ્રમાણે વસ્તુ વિષે વિચાર કરીએ અથવા નવા અર્થ પ્રમાણે વિચાર કરીએ તોપણ તેનું સ્વરૂપ સ્વસિદ્ધ નથી, તેમજ તેનો ખુલાસો કરવાની જરૂર નાબૂદ થતી નથી. એ કરતાં તેના મૂળ તરીકે અમુક બુદ્ધિયુક્ત ઇચ્છાને સમજી લેવામાં આવે તો તે બુદ્ધિને વિશેષ અનુકૂળ છે, તેમજ બુદ્ધિને આધારે તેના સમર્થનમાં મજબુત તથા અસરકારક દલીલો કરી શકાય છે.

વૉન હોલ્બાહના શિક્ષણ પ્રમાણે માણસ સાવ જડ છે. વિચાર, લાગણી તથા ઇચ્છા એ તો માત્ર મગજના મજ્જાતંતુનાં વિકરણ છે. પરંતુ જેમને લેશમાત્ર પણ વિચારશક્તિ હોય તેણે સમજવું જોઇએ કે મગજ તથા વિચાર એકબીજાથી જુદા પ્રકારનાં હોય છે. મગજ તો ઇંદ્રિયો વડે જાણી શકાય એમ છે, વિચારને ઇંદ્રિયો સાથે કશી જ લેવાદેવા નથી. એટલું જ નહિ પણ આપણે સહેજ પણ વિચાર કરીએ તો એ પણ દેખીતું છે કે મગજના કરતાં વિચાર મહત્ત્વના હોય છે. મગજ તો માત્ર વિચાર કરવાનું સાધન છે, અને વિચાર કરી શકીએ નહિ તો મગજ છે એની આપણને ખબર પણ પડે નહિ. જ્યારે કોઈ માણસ શારીરિક કર્તવ્યોને આધારે ચેતનાની કોઈ પણ સ્થિતિનું વર્ણન કરવા જાય છે ત્યારે તે માત્ર અર્થ વગરના શબ્દો વાપરે છે.

વૉન હોલ્બાહ શિખવતો હતો તેમ ઇશ્વર, આત્મા, આવનાર જીવન અથવા મુકતેચ્છા એ ચારમાંનું એકે ન હોય તો નીતિનો અર્થ શો ? છતાં તે એવું શિક્ષણ આપતો હતો કે ફરજ વાસ્તવિક છે, અને તે સ્વાર્થ પર આધારભૂત છે. તેના પ્રખ્યાત શબ્દો આ પ્રમાણે છેઃ " સદાચાર એ વસ્તુતઃ અન્યોના આનંદ વડે જાતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુખી થવાની માત્ર એક કળા છે." જડવાદને આધારે આ સિવાય નીતિનો બીજો કોઈ પણ ખુલાસો થઈ શકતો નથી, અને વળી તે જડવાદના સિદ્ધાંતો પ્રમાણે જ અનુચિત છે; કેમકે જડ વસ્તુ વિના જો બીજું કંઈ જ હોય નહિ તો આનંદ એટલે શું?

## ૪. જડવાદની લોકપ્રિયતાનાં કારણો:

ફ્રાંસમાં ક્રાંતિ ઉપજાવવામાં જડવાદે મોટો ફાળો આપ્યો હતો, છતાં એ ક્રાન્તિ થયા પછી જડવાદની સામે મોટો પ્રત્યાઘાત ઉપસ્થિત થયેલો માલૂમ પડે છે. જે પ્રમાણે ડીમોક્રીટસના જમાના પછી તેના શિક્ષણની સામે સોક્રેટીસ, પ્લેટો તથા એરિસ્ટોટલે તેની વિરૂદ્ધ હીલચાલ શરૂ કરી હતી, તેજ પ્રમાણે ફ્રાંસની ક્રાંતિ પછી પણ પશ્ચિમ યૂરોપમાં કાન્ટ, હેગલ, વગેરે મોટા કલ્પનાવાદીઓનો જમાનો શરૂ થયો. જડવાદને લીધે નર્યો સંશયવાદ પ્રસરી જાય છે, લોકો નાસ્તિક બની જાય છે, અને ધર્મ તથા નીતિનો નાશ થાય છે એમ માલૂમ પડવાથી આ મહાન તત્ત્વજ્ઞાનીઓએ તેનો સામનો કરીને પોતાનો એવો વિચાર દર્શાવ્યો કે વિશ્વનો ખુલાસો કરવાનો હોય તો તે સ્થૂળ વસ્તુને આધારે નહિ પણ મન તથા તેના વિચારને આધારે કરવો જોઈએ. વળી કેટલાક વખત સુધી જડવાદ પર કલ્પનાવાદનો જય થયેલો છે એમ લાગતું હતું. જેમ ગ્રીસના ઇતિહાસમાં પ્લેટો તથા એરિસ્ટોટલનો જમાનો એ દેશના તત્ત્વજ્ઞાનનો સોનેરી જમાનો માલૂમ પડે છે, તેમજ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં કાન્ટ તથા હેગલનો જમાનો વિશેષ ઝળકતો જોવામાં આવે છે. તેમની વિચારસરણીઓમાં ભૂલો હોવા છતાં હજી સુધી તેમની તોલે આવે એવા બીજા બાહોશ તત્ત્વજ્ઞાનીઓ ફરી ઉપસ્થિત થયા નથી. પરંતુ જડવાદના જોખમથી કોઈ પણ જમાનો નિરાળો રહી શકતો નથી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને આપણો જમાનો પણ એજ જોખમનો ભોગ થઈ પડ્યો છે. આનાં કારણો વિષે પૂછો તો સૌથી પહેલું એમ કહેવું જોઈએ કે સામાન્ય રીતે તે ધાર્મિક લાગણીનો અભાવ છે. પરંતુ આટલો જ ખુલાસો પુરતો નથી, કેમકે આ ધાર્મિક અભાવનાં પણ કારણો છે, અને તે કારણો અર્વાચીન યુરોપના ઇતિહાસમાં ઓતપ્રોત થઈ રહેલાં માલૂમ પડે છે. અહીં આગળ ત્રણ જ કારણોની અંદર બીજાં કારણોનો સમાવેશ કરી શકાય એમ છે:

પહેલું, ઉપર દર્શાવેલા કલ્પનાવાદમાંથી જ જડવાદ ફરીથી ઉદ્‌ભવ પામ્યો. એક વખતે તો ઘણા જણ ખાતરીપૂર્વક માનતા હતા કે હેગલનો કલ્પનાવાદ બધી રીતે જયવંત નીવડ્યો છે, અને સદાકાળ ટકી રહેશે. મેં તત્ત્વજ્ઞાન તથા ધર્મ વચ્ચે છેવટનું સમાધાન કર્યું છે એમ એ માણસ સમજતો હતો, અને તેનો એ દાવો ઘણા જડવાદી સ્વીકારતા પણ હતા. પરંતુ એ સમજણમાં કેટલું થોડું સત્ય સમાએલું હતું તે એ પરથી જણાય છે કે તેનું અવસાન થયા પછી તેની વિચારસરણીમાંથી એકબીજાથી વિપરીત હોય એવા ત્રણ ફણગા ફુટી નીકળ્યા: પહેલો ઇશ્વરવાદી ફણગો, બીજો સર્વેશ્વરવાદી ફણગો અને ત્રીજો નિરીશ્વરવાદી ફણગો.

બીજું, આ જમાનામાં ભૌતિકશાસ્ત્ર તથા જીવનશાસ્ત્રની અજાયબ જેવી પ્રગતિ થએલી માલૂમ પડે છે, અને એ બંને ક્ષેત્રોમાં થએલી શોધખોળ વડે ચાલુ જમાનાના જડવાદને મજબુત ટેકો મળી રહ્યો છે. વિશેષે કરીને ઉત્ક્રાંતિવાદ ફરીથી ઉપસ્થિત થએલો છે, અને તેને આધારે જીવનશાસ્ત્રીઓ તેમજ સાધારણ લોકસમુદાય માની બેઠા છે કે વિશ્વ ક્રમે ક્રમે વિકાસ પામ્યું છે, તેથી તેના કારણ તરીકે ઇશ્વરને સમજવાની જરૂર નથી. હવે પછીના વ્યાખ્યાનમાં આ ઉત્ક્રાંતિવાદ વિષે વિચાર કરવો પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્રીજું, આ સાથે સંબંધ ધરાવનાર ત્રીજું કારણ તો વિજ્ઞાન તથા સમાજવાદ વચ્ચેનો સંબંધ છે. કાર્લ માર્કસે હેગલના સિદ્ધાંતો પર પોતાનો સામ્યવાદ આધારભૂત કર્યો હતો, તેથી ચાલુ જમાનાનો જડવાદ વિશેષે કરીને તેના શિક્ષણ વડે પ્રેરિત થયેલો માલૂમ પડે છે. એ વિષે પણ કોઈ બીજા વ્યાખ્યાનમાં આપણે વિચાર કરીશું; અહીં એ વિષે કંઈ કહેવાની જરૂર નથી. આ વ્યાખ્યાનમાં જે જડવાદ વિષે વાત કરવામાં આવે છે તેને વૈજ્ઞાનિક જડવાદ કહેવામાં આવે છે, એટલે વિજ્ઞાનના દૃષ્ટિબિંદુથી જે જડવાદ કલ્પવામાં આવે છે તે; ત્યારે કાર્લ માર્કસનો જડવાદ હેગલના તત્ત્વજ્ઞાન પર આધારભૂત હોવાથી તેને તાર્કિક જડવાદ કહેવામાં આવે છે.

હવે દેખીતું છે કે જ્યાં સુધી આપણે ભૌતિક પ્રદેશનોજ અભ્યાસ કરીએ છીએ ત્યાં સુધી સ્થૂળ વસ્તુ, તેના રૂપ તથા તેની ગતિ સિવાય આપણે તે વિષે બીજું કંઈ પણ જાણવા પામવાના નથી. ઈશ્વર, આત્મા, અથવા આત્માના અમરપણા વિષે આપણને સ્થૂળ વસ્તુમાંથી કશી માહીતી મળી શકે નહિ એ દેખીતું છે. કોઈ પણ વૈજ્ઞાનિક પદ્ધતિ કે સાધન વડે વિશ્વમાં મુક્તેચ્છા કે મનની બીજી કોઈ પણ સ્થિતિ પારખી શકાય તેમ નથી; અર્થાત્ જેથી માણસનું જીવન સાર્થ બને છે એવાં સઘળાં વ.નાં વિજ્ઞાનના દૃષ્ટિબિંદુથી છેવટ સુધી એક મર્મરૂપ રહે છે.

## ૫. જડવાદના સમર્થનમાં કરવામાં આવતી દલીલો:

જો જડવાદમાં સત્યનો આભાસ રહેલો ન હોય તો તે આજ સુધી ટકી રહ્યો ન હોત. હવે લોકો તે તરફ વલણ રાખે છે તેનાં કારણ શાં હશે? સામાન્ય રીતે જડવાદના સમર્થનમાં જુદી જુદી બે દલીલો કરવામાં આવે છે. આ દલીલો અહીં એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી એક રજુ કરવામાં આવે છે અને તેની નિરીક્ષા કરવામાં આવે આવે છે.

**પહેલી દલીલ** એવી કરવામાં આવે છે કે તત્ત્વજ્ઞાનીઓ વિશ્વની એકતા શોધે છે, અને બીજી કોઈ પણ વિચારસરણીના કરતાં જડવાદ આ સ્વાભાવિક આકાંક્ષાને સંતોષે છે. દૃશ્ય વાનાંનાં અનેક મૂળ હોઈ શકે નહિ એ ઘણા ખરા તત્ત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત છે. વિશ્વમાં દૃશ્યમાન થતાં અથવા જાણમાં આવતાં વિવિધ પ્રકારનાં અસ્તિત્વ અનેક કારણોમાંથી ઉપસ્થિત થયેલાં છે એમ માનવામાં આવે તો આ જુદાં જુદાં કારણો એકબીજાને મર્યાદિત બનાવે છે, પરંતુ આ તો બુદ્ધિના નિયમ પ્રમાણે અનુચિત લાગે છે; કેમકે જ્યાં સુધી માત્ર મર્યાદિત કારણો મળે છે ત્યાં સુધી જેના પર તેઓ આધાર રાખતાં હોય અથવા જેમાંથી તેઓ ઉપસ્થિત થયાં હોય એવા કોઈ પણ એકાદ સર્વોચ્ચ કારણની શોધ કર્યા વિના માણસની બુદ્ધિ રહી શકતી નથી. કોઈ પણ તત્ત્વજ્ઞાન-સરણી ખરી હોય તો તે દ્વૈતવાદી નહિ પણ કેવળતત્ત્વવાદી હોવી જોઈએ. ઈશ્વરવાદને જડવાદીઓ દ્વૈતવાદ કહે છે, કેમકે ઈશ્વરવાદી વિચારસરણીઓમાં અમુક પરિણામનું કારણ મન છે, ત્યારે અમુકનું કારણ વસ્તુ છે. કલ્પનાવાદીઓ સામે જડવાદીઓ એવી દલીલ કરે છે કે વિચાર માત્ર વ્યક્તિગત મનને લગતો છે, એટલે તેને સર્વના કારણ તરીકે સ્વીકારી શકાય નહિ. મન તો ખરું અસ્તિત્વ નથી, અને તેની હસ્તી વિષેની માન્યતા તો માત્ર ચેતના પર આધારભૂત થએલા એક અનુમાન સરખું છે; માટે તેને આશરે વિશ્વનું ઐક્ય સમજાવી શકાય એમ નથી.

**આ દલીલનો જવાબ :** જડવાદ તે કેવળતત્ત્વવાદ છે એ વાત ખોટી છે, કેમકે સ્થૂળ વસ્તુ એક નથી. આપણી ચેતના-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્વારે આપણને જે વિશ્વનું ભાન થાય છે તેમાં એકત્વ એટલું જ નહિ પણ બહુત્વ પણ જોવામાં આવે છે. તેમાંનાં તત્ત્વો જુદા જુદા પ્રકારનાં હોય છે. એક તરફ જોઈએ તો તારા અને પથ્થર માલૂમ પડે છે, બીજી તરફ જોઇએ તો ગરમી, અજવાળું અને વિદ્યુત માલૂમ પડે છે, અને ત્રીજી તરફ જોઇએ તો વિચાર, લાગણી અને ઇચ્છા માલૂમ પડે છે. આ બધાં તત્ત્વો એક જ પ્રકારનાં છે એમ શા આધારે કહી શકાય ? એ બધાંનું મૂળ એક જ હોય અને હશે, પરંતુ દશ્ય દુનિયા આપણને જેવી માલૂમ પડે છે તેવી તે એક તો નથી જ. વળી બે ભૌતિક તત્ત્વો એકઠાં થવાથી તેમાંથી ત્રીજું તત્ત્વ ઉત્પન્ન થાય એ બનવાજોગ છે. પરંતુ મિશ્રણ વિનાના કોઈ પણ એકાદ તત્ત્વમાંથી બીજું ઉપજે એવું બનતુંજ નથી. વળી જો કે આપણે મનની અવગણના કરીએ અને એકલી વસ્તુનો જ વિચાર કરીએ, તોપણ માલૂમ પડે છે કે તેનાં મૂળ તત્ત્વો અનેક છે, એટલું જ નહિ પણ ઘણાં જ છે. જુદા જુદા જમાનામાં વિજ્ઞાનશાસ્ત્રીઓ વસ્તુના મૂળ તત્ત્વની સંખ્યા જુદી જુદી દર્શાવે છે, અને પહેલાંના કરતાં હમણાં તો વધારે પ્રકાર કબૂલ રાખવામાં આવે છે. જેમાંથી સઘળાં તત્ત્વો ઉપસ્થિત થયાં હોય એવું કોઈ એકાદ તત્ત્વ વિજ્ઞાનશાસ્ત્રીઓએ આજદિનપર્યંત શોધી કાઢયું જ નથી. પરંતુ એવું એકાદ મૂળ તત્ત્વ મળી આવે તોપણ તે એટલા જ કારણથી એક છે એમ કહી શકાય નહિ. વધારેમાં વધારે એટલુંજ કહી શકાય કે તે એક પ્રકારનું છે. કોઈ ભૌતિક તત્ત્વ હોય અને તે ગમે તેટલું શુદ્ધ અને મિશ્રણ વિનાનું હોય તોપણ તે હજી પણ વિભાગી શકાય છે, એટલે અંત સુધી તેનું એકત્વ નહિ પણ બહુત્વ માલૂમ પડે છે.

વળી વિજ્ઞાનશાસ્ત્રીઓના કહ્યા પ્રમાણે વસ્તુની સાથે હમેશાં બળ કે શક્તિ જોડાએલી રહે છે. હવે સવાલ એ થાય છે કે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૈકી કારણ કોણ અને પરિણામ કોણ ? એ દેખીતું છે કે વસ્તુ તો શક્તિનું કારણ ન જ હોઈ શકે, કેમકે શક્તિ વિના તેની અસર શી રીતે થાય ? આવી વસ્તુ હોય તોપણ તે વડે કશાનો ખુલાસો થઈ શકે નહિ. વળી તેઓ બંને મૂળ રૂપ હોય તો કેવળતત્ત્વવાદ ક્યાં ગયો ? જે ખુલાસાનો ખુલાસો કરવો પડે છે તે ખુલાસો કહેવાય નહિ. જે વસ્તુને ગતિમાન કરવા માટે શક્તિની જરૂર પડે છે તે વસ્તુ દેખીતી રીતે જ અધુરી છે. જે શક્તિને પોતાનું કામ કરવા માટે વસ્તુની જરૂર પડે છે તે શક્તિ પણ અધુરી છે. જો વસ્તુનું કારણ શક્તિ હોય તો દેખીતી રીતે જ જડવાદ ખોટો છે. પરંતુ ભૌતિક દુનિયા આખરે તો શક્તિઓની બનેલી છે એવું જો ઠરે તોપણ હજી તે એક નથી; કેમકે જેટલી વિભાજ્ય વસ્તુ છે તેટલીજ વિભાજ્ય શક્તિ પણ છે. અહીં આગળ જે શક્તિ કાર્ય કરે છે તે અને પૃથ્વીના બીજા ભાગમાં જે શક્તિ કાર્ય કરે છે તે એક જ પ્રકારની શક્તિ હોઈ શકે ખરી, પણ તે બંને એક શક્તિ તો નથી જ. સાચો કેવળતત્ત્વવાદ જો કોઈ હોય તો તે એ જ સત્ય પર સ્થાપિત થઈ શકે કે એક જ અવિભાજ્ય તથા ઉત્પાદક મન વડે વિશ્વ હોય છે અને હીલચાલ કરે છે.

**બીજી દલીલ** એવી કરવામાં આવે છે કે ઉત્ક્રાંતિવાદની મદદ વડે જડવાદ સર્વ વાનાંનો સ્વાભાવિક ખુલાસો આપી શકે છે. જેટલું સાબિત થઈ શકે તેટલું જ માની લેવામાં આવે છે, તે ઉપરાંત કોઈ પણ જાતનું અનુમાન કરવામાં આવતું નથી. આ કારણથી જડવાદ બીજી તમામ વિચારસરણીઓના કરતાં વિશેષ સરળ અને સમજી શકાય એવો છે. કુદરતમાં જે બીનાનો અનુભવ કરવામાં આવે છે તે બીનાનો ખુલાસો કરવા માટે વસ્તુના સ્વરૂપમાં રહ્યું ન હોય એવું એકે તત્ત્વ કે સિદ્ધાંત રજુ કરવાની જરૂર નથી. બધી દુનિયાનો ખુલાસો ભૌતિક દુનિયામાંથી જ મળી શકે એમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દૃશ્ય વર્તનાંમાં જે ભિન્નતા જોવામાં આવે છે તે મૂળરૂપ નથી. અજવાળું, ગરમી, વિદ્યુત, ઈત્યાદિ એક બીજાના સ્વરૂપમાં રૂપાંતર પામી શકે છે. એજ પ્રમાણે રસાયણશાસ્ત્રમાં જે ક્ષેત્રમાં એક-બીજામાં જુદા જુદા પદાર્થોનું રૂપાંતર થઈ શકે છે તે ક્ષેત્ર વધારે વિસ્તૃત થતું જાય છે. એ ખરી વાત છે કે હજી પણ નિરિન્દ્રીય તથા સેન્દ્રીય વચ્ચે ભેદ છે. પરંતુ નિરિન્દ્રીયમાંથી સેન્દ્રીય થયું ન હોય તોપણ એ વાતને આધારે કોઈ પણ જાતની દલીલ કરવી એ અનુચિત છે; કેમકે એવી કોઈ પણ દલીલનો આધાર જ્ઞાન નહિ પણ અજ્ઞાન છે. અજ્ઞાનને આધારે કોઈ પણ જાતની દલીલ થઈ શકે નહિ. વળી એટલું જ નહિ પણ નિરિન્દ્રીય તથા સેન્દ્રીય વચ્ચેની ખાડી પુરાતી જાય છે. માણસના મનની સઘળી શક્તિઓનાં મૂળ નીચલા પ્રકારનાં પ્રાણીઓના જીવનમાંથી મળી આવે છે. તેઓ વચ્ચે જે તફાવત હોય તે પ્રકારનો નહિ પણ દરજ્જાનો છે. ખરૂં જોઈએ તો ખાડી છે જ નહિ, પણ નિરિન્દ્રીય પદાર્થોના સૌથી નીચા પ્રકારનાં રૂપોમાંથી સૌથી ઊંચાં સેન્દ્રીય પ્રાણીઓના જીવન સુધી વિકાસ થએલો માલૂમ પડે છે.

**આ દલીલનો જવાબ :** આ આખી દલીલ એવી સમજણ પર આધારભૂત છે કે વસ્તુ વિના તેમજ વસ્તુમાંથી જે ઉપસ્થિત થયું હોય તે વિના બીજા કશાની હસ્તી છે જ નહિ, એટલે જે વાત સાબિત કરવાની છે તેજ વાત દલીલના આધાર તરીકે પણ રાખવામાં આવે છે. પ્રમાણુશાસ્ત્રના નિયમ પ્રમાણે આ તો તદ્દન અનુચિત છે. વળી જડવાદ એક બીજી પણ ગેરસમજ પર આધારભૂત છે, તે એ છે કે જે ચઢીઆતું હોય તેનો ખુલાસો ઉતરતાને આધારે કરવામાં આવે છે, પરંતુ આ સમજણ કારણ-પરિણામના નિયમથી વિપરિત છે, કેમકે આ દલીલની દરેક અવસ્થામાં કારણમાં સમાએલું હોય એ કરતાં પરિણામમાં વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમાએલું છે; અથવા બીજા શબ્દોમાં કહીએ તોપણ ચાલે કે જેનું કશું જ કારણ મળતું નથી એવાં તત્ત્વો હમેશાં પરિણામની માંહે હાજર હોય છે. પરંતુ આવી દલીલ ચાલે નહિ. નાનાને આધારે મોટાનો ખુલાસો થઈ શકે નહિ. આ બધાનું પરિણામ એ આવે છે કે જડવાદી જો કે જગતની ઉત્પત્તિ એક અપરિમિત મન વડે થએલી છે એવું માની શકતો નથી, તોપણ શૂનકારમાંથી શૂનકાર વડે કરવામાં આવેલી આખી ઉત્પત્તિમાળાને તે માની શકે છે. આ તો અજાયબ જેવી વાત કહેવાય. લૉક લખે છે કે " સઘળાં વાનાંમાં જે પ્રથમ વાનું હોય તેમાં હવે પછી જેટલી સંપૂર્ણતા હોઈ શકે તેટલી બધી સંપૂર્ણતાનો સમાવેશ થએલો હોવો જોઈએ. વળી તેમાં જે કંઇ સંપૂર્ણતા ન હોય તે તે અન્ય કોઈ વાનાને આપી શકે પણ નહિ, એ પરથી જણાય છે કે જે સૌથી પ્રથમ સનાતન અસ્તિત્વ હોય તે સ્થૂળ વસ્તુ હોઈ શકે નહિ;" અથવા બીજા શબ્દોમાં એમ કહેવાય કે દરેક કારણ તે પુરતું કારણ હોવું જ જોઇએ.

## ૬. જડવાદની વિરૂદ્ધ ઉપસંહારરૂપ દલીલ:

મન તથા તેના દરેક વિકરણ પહેલાં જેની હસ્તી હોય, તથા જે સઘળા વિચાર સંબંધી સ્વયત્તશાસન ધરાવતી હોય, એવી અમુક વસ્તુ હોય છે એવું જડવાદી ધારે છે. પરંતુ એ દેખીતું છે કે આ વાત કદી પણ સાબિત થઈ શકે નહિ; કેમકે જો એવી વસ્તુ હોય તોપણ જડવાદી તેને વિષે જાણી શકે નહિ. આથી જડવાદીને કબૂલ કરવું પડે છે કે આવી વસ્તુ અજાણી છે, તેમજ જાણી ન શકાય એવી પણ છે. જેને એક જ છેડો હોય એવી એક સોટીનો ખ્યાલ કરવો એ જેટલું અશક્ય છે તેટલી જ અશક્ય આવી વસ્તુ છે. છતાં જડવાદી હઠીલો બનીને એવું વિધાન કરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે કે આવી વસ્તુ ખરેખર હસ્તી ધરાવે છે! જ્યાં વસ્તુ વિષેની જાણુ હોય છે ત્યાં તેની સાથે હમેશાં મન વિષેની જાણુ પણ જોડાએલી રહે છે એવી દલીલ કોઈને કરવી હોય તો તે કરી શકે; એમ આ બંને પ્રકારની જાણુ એકબીજાથી જુદી છે, અને સ્વતંત્ર છે. પરંતુ આવી દલીલ કરવી જડવાદીને માટે અનુચિત છે, કેમકે તેની સમજણુ એવી છે કે વસ્તુ વિષે મારી સઘળી જાણુ વસ્તુભેદન પર આધાર રાખે છે. આપણે કહીએ છીએ કે મનની સાથે વસ્તુ સંબંધમાં આવે છે ત્યારે જ તે વિષેની જાણુ થઈ શકે છે, તેથી વસ્તુ વિષેની જાણુ વિચાર પર આધાર રાખે છે. જે વસ્તુને આધારે જડવાદી માણુસ બુદ્ધિનો ખુલાસો કરવાના પ્રયત્નો કરે છે તે વસ્તુ પહેલાં જો બુદ્ધિ ન હોય તો તેનો ખુલાસો કદી પણુ થઈ શકે નહિ.

વળી જડવાદી એમ કહે છે કે વસ્તુ અનાદિ છે. આ વાત પણુ તે સાબિત કરી શકતો નથી. પરંતુ તે સાબિત કરવાના પ્રયત્ન તેણે કરવાજ જોઈએ; કેમકે એ બાબત પર દુનિયાભરમાંનો સઘળો જડવાદ આધારભુત છે. હવે આ બેમાંની એક વાત માન્યા વગર છુટકો નથી, એટલે કાંતો વસ્તુ અનાદિ છે, કાંતો તેની ઉત્પત્તિ કરવામાં આવી છે. સ્વયંભૂ હોય એવું વિશ્વમાં કંઈક તો છે, એ વાત આપણે બધા કબૂલ કરીએ છીએ. ઈશ્વરવાદીઓ માને છે, નિરીશ્વરવાદીઓ માને છે, જડવાદીઓ માને છે, તેમજ સર્વેશ્વરવાદીઓ પણુ એ વાત માને છે. સ્વયંભૂપણાનો ખુલાસો કરવાની ફરજ આપણે એકબીજાને પાડતા નથી, કેમકે એ વાત સર્વત્ર સ્વીકારવામાં આવે છે, અને જે ગાંડો હોય તેજ તેનો અસ્વીકાર કરે. સવાલ એટલો જ છે કે સ્વયંભૂ શું છે? આ સ્વયંભૂ અસ્તિત્વ મન છે કે વસ્તુ, વ્યક્તીય છે કે અવ્યક્તીય છે, જાણી શકાય કે જાણી ન શકાય એવું છે? વસ્તુ સ્વયંભૂ છે એમ કહેવાનું જડ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાદીને શું કારણ છે ? ઈશ્વરને સ્વયંભૂ માનવાનાં થોકબંધ કારણો ઈશ્વરવાદી રજુ કરી શકે છે. જુઓ પહેલું વ્યાખ્યાન. જડવાદીને આજ પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે તેની પાસેથી એકે કારણ મળતું નથી. તે તો માત્ર આપણને એ પ્રશ્ન ગળી જવાનું કહે છે. હવે વસ્તુ અનાદિ છે એવું માનવાનું જેની પાસે એકે કારણ નથી, તેણે એમ પણ કબૂલ કરવું જોઇએ કે જડવાદી થવાનો પણ મને અધિકાર જ નથી. દુનિયાભરમાંના જડવાદીઓને પૂછીએ તો વસ્તુને અનાદિ માનવાનું એક જ કારણ તેઓની પાસેથી મળી શકશે, અને તે માત્ર એજ છે કે તેઓ એમ ન માને તો તેની ઉત્પત્તિ થયેલી છે એમ તેમને માનવું જ પડે.

અલબત, વસ્તુ અનાદિ છે એવું સાબિત કરવાના કેટલાક પ્રયત્ન કરવામાં આવ્યા છે. દાખલા તરીકે જેનો અંત નથી તેની શરૂઆત હોઈ શકે નહિ એમ કહેવામાં આવે છે; અથવા વસ્તુ અવિનાશી છે એટલે તેની ઉત્પત્તિ થઈ નહિ એમ પણ કહેવામાં આવે છે. પરંતુ જેનો અંત નથી તેની શરૂઆત પણ હોઈ શકે નહિ એવું શા આધારે કહેવામાં આવે છે ? વળી વસ્તુ અવિનાશી છે એ પણ શા આધારે કહી શકાય છે ? એ ખરી વાત છે કે વસ્તુ અવિનાશી છે એમ આપણે ઘણી વાર કહીએ છીએ અને મેં પણ એવું કહ્યું હોય એ બનવાજોગ છે. પરંતુ એમ કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ શો છે ? વસ્તુ અવિનાશી છે એ વિધાન સર્વાંશે ખરૂં પડે માટે અમુક શબ્દો ઉમેરવાની જરૂર છે, એટલે ' કુદરતી સાધનો વડે '. આ શબ્દો ઉમેરીએ તો વિજ્ઞાન તથા ઈશ્વરજ્ઞાન પ્રમાણે આ વિધાન ખરૂં માલૂમ પડે છે. પરંતુ એથી આગળ વધીને આપણને બીજું કશું પણ કહેવાનો અધિકાર છેજ નહિ. સૌકોઈ માણસ ખુશીથી કબૂલ કરશે કે વસ્તુ પોતે પોતાની ઉત્પત્તિ કરી શકતી નથી, તેમજ પોતાનો નાશ પણ કરી શકતી નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ જડવાદી તો ઉપર દર્શાવેલા શબ્દો ઉમેરવાનું ભૂલી જાય છે. ભૌતિકશાસ્ત્રને માત્ર કુદરતી બનાવો તથા દેખાવો સાથે સંબંધ હોય છે. આ હદની અંદર એ વાત ખરી હોય કે વસ્તુ અવિનાશી છે, અને વિશ્વમાં જેટલી વસ્તુ છે તેટલી કાયમ રહે છે. પરંતુ અપરિમિત સરજનહાર શું કરી શકે કે કરી ન શકે એ વિષે ભૌતિકશાસ્ત્ર કશું જ કહી શકતું નથી. વળી એ વિષે કંઈ પણ કહેવાનો તેને અધિકાર પણ નથી.

જડવાદીઓ કહે છે કે ઉત્પત્તિનો ખ્યાલ કરવો એ અશક્ય છે, તેના જવાબમાં એટલું જ કહેવું બસ છે કે તેનો વિચાર તો ઘણા જણે કર્યો છે. વળી એ વિચાર કરનારાઓમાં અને તેનો સ્વીકાર કરનારાઓમાં આ દુનિયામાં જે સૌથી બાહોશ શખ્સ ઊભા થએલા છે, તેમાંના ઘણાખરાનો સમાવેશ થઈ જાય છે. ઉત્પત્તિનો ખ્યાલ કોઈને પણ થઈ શકે નહિ એ સાબિત કરવા માટે જે જ્ઞાન વિષે જડવાદીઓ કહે છે કે તે અશક્ય છે તેજ જ્ઞાનની જરૂર પડે. ઉત્પત્તિના વિચારમાં વદતોવ્યાઘાત હોય તોજ એ વિચાર અશક્ય છે એમ કોઈ કહી શકે. પરંતુ કોઈ જડવાદીએ આવું સાબિત કર્યું જ નથી.

પરંતુ તત્ત્વજ્ઞાનના દૃષ્ટિબિંદુથી જડવાદની સામે સૌથી ગંભીર વાંધો એવો આવીને ઊભો રહે છે કે જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે તેને લગતા પોતાના અનુમાનની વિરૂદ્ધ જડવાદીઓ હમેશાં પડે છે. આપણે ઉપર જોયું તે પ્રમાણે તે અનુમાન એવું છે કે આપણું સઘળું જ્ઞાન આપણને આપણી ઇંદ્રિયો દ્વારે પ્રાપ્ત થાય છે. આ અનુમાન હોવા છતાં જડવાદીઓ હમેશાં આવાં આવાં વિધાન કરતા માલૂમ પડે છે: (૧) વિશ્વ અનાદિ છે, (૨) તે અણુનું બનેલું છે, અને (૩) વસ્તુ અત્યંત વિભાજ્ય છે. આ ત્રણે વિધાન ખરાં હોય તોપણ તેમાંના એકેની સત્યતા વિષેની જાણ ઈંદ્રિયો વડે પ્રાપ્ત થઈ શકે નહિ એ સ્વસિદ્ધ છે. વસ્તુ અનાદિ છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવું જે માણુસો આપણુને હઠેઠથી જણાવે છે તેના તેજ માણુસો ઘણી વાર બીજે પ્રસંગે આપણુને એવું પણુ જણાવે છે કે આપણું સઘળું જ્ઞાન વસ્તુભેદન પર આધારભૂત છે, તેથી અનાદિ કાળ કે સનાતન કાળ વિષે આપણુને કોઈ પણુ જાતનો ખ્યાલ પ્રાપ્ત થઈ શકે નહિ.

વળી જડવાદીઓ શક્તિનો ખુલાસો કરવા માટે પણુ અશક્ત છે. તેઓ શક્તિના સ્વરૂપનો ખુલાસો કરી શકે એવી આશા તો આપણે નજ રાખી શકીએ; પરંતુ વસ્તુ તથા શક્તિના પરસ્પર સંબંધ વિષે આપણે ગ્રહણુ કરી શકીએ એવો ખુલાસો તેમણે આપણુને આપવો જ જોઈએ. આ બાબતના જાત જાતના ખુલાસા આપવામાં આવ્યા છે, પરંતુ તે એકબીજાને મળતા આવતા નથી, એટલું જ નહિ પણુ બુદ્ધિ તથા વિજ્ઞાનના નિયમો પ્રમાણે તે અનુચિત માલૂમ પડે છે. દાખલા તરીકે ઘણુાખરા જડવાદીઓ એવું વિધાન કરે છે કે શક્તિ તો વસ્તુમાં અધ્યાહાર રહેલી છે, તેથી વસ્તુ તેના સ્વરૂપ પ્રમાણે સક્રિય છે. પરંતુ આ દલીલ વડે ભૌતિકશાસ્ત્રના એક પાયારૂપ નિયમનો નકાર કરવામાં આવે છે. ન્યુટન કહે છે કે "કોઈ પણુ પદાર્થ પર કોઈ બાહ્ય શક્તિ અસર ન કરે ત્યાં સુધી તે આરામની સ્થિતિમાં હોય તો તે તે સ્થિતિમાં કાયમ રહે છે; અથવા તે એક સીધી લીટીમાં હીલચાલ કરતો હોય તો તેજ દિશામાં ગતિ કરતો ચાલુ રહે છે." એરિસ્ટોટલના વખતથી માંડીને આ નિયમ જાણીતો છે, અને અનુભવ વડે તેની સત્યતા સાબિત પણુ કરવામાં આવી છે, માટે વસ્તુ સક્રિય નથી પણુ નિષ્ક્રિય છે. તેને મનનાં લક્ષણો વડે વેષ્ટિત કરવામાં આવે છે, ત્યારેજ તે સક્રિય હોય એવી રીતે તેનું વર્ણુન થઈ શકે.

કુદરતમાં વ્યવસ્થા છે, નિયમો છે તથા સંમેળ પણુ છે, પરંતુ જડવાદને આધારે આ બાબતનો ખુલાસો આપી શકાય એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી. પહેલા જ વ્યાખ્યાનમાં આ બાબત વિષે ચર્ચા કરવામાં આવી છે, એટલે હવે તે વિષે કંઈ કહેવાની જરૂર નથી. પરંતુ જીવન કેવી રીતે ઉપસ્થિત થયું એ વિષે પણ જડવાદીઓ કોઈ પણ જાતનો ખુલાસો આપી શકતા નથી. હું તો કોઈ જીવનશાસ્ત્રી નથી, એટલે 'Spontaneous Generation' અથવા આપોઆપ થતી જીવનની ઉત્પત્તિને લગતાં જે અનુમાનો ચાલી રહેલાં છે તે વિષે હું પુરી રીતે વાકેફ થયો નથી, છતાં વનસ્પતિરૂપી જંતુની મદદ વિના કોઇ માણસે નિરિન્દ્રીય વસ્તુને વનસ્પતિમાં ફેરવી નાખી હોય, અથવા પ્રાણીરૂપી જંતુ વિના વનસ્પતિરૂપી વસ્તુને પ્રાણીના રૂપમાં ફેરવી નાખી હોય તો એવો દાખલો મારી જાણ બહાર છે. વળી મારી જાણ પ્રમાણે વિજ્ઞાનશાસ્ત્રીઓએ સદરહુ અનુમાન હવે તો છોડી દીધેલું હોય એમ લાગે છે. જીવનનો ખુલાસો કરવા માટે વસ્તુમાં સમાયેલા નથી એવા પરાક્રમની જરૂર વિજ્ઞાનને પડે છે. જીવન કેવી રીતે અને કેવા સંજોગોમાં ઉપસ્થિત થાય છે એ બેશક, વિજ્ઞાનના દૃષ્ટિબિંદુથી અતિ મહત્ત્વનો તેમજ વિશેષ રસિક પ્રશ્ન છે; પરંતુ ધર્મના દૃષ્ટિબિંદુથી તેનું મહત્ત્વ ઓછુંજ લાગે. ઇશ્વર છે એ વિષે જેમને ખાતરી છે તેમને આ બાબત સંબંધી ચિંતા નામે નથી. ઇશ્વિર કેવા સંજોગોમાં જીવન ઉત્પન્ન કરે છે તેની શોધખોળ જીવનશાસ્ત્રીઓ કરે તેની રાહ જોવાને ઇશ્વિરવાદીઓ તો ખુશી છે; કેમકે તેઓ જાણે છે કે એ સંજોગો શોધી કાઢવામાં જીવનશાસ્ત્રીઓને સફળતા સાંપડે તોપણ એટલા જ કારણથી ઇશ્વિરની હસ્તી માનવાની આવશ્યકતા ઓછી નજ લાગે.

પરંતુ જીવનના કરતાં જડવાદને માટે મન તથા ચેતનાની બાબતમાં વધારે ગુંચવણ સમાએલી છે. જડવાદીઓ એવી દલીલ કરે છે કે મગજમાંનાં તત્ત્વોની સ્થિતિમાં ફેરફાર થવાથી વસ્તુભેદન,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યાદદાસ્ત, બુદ્ધિ, લાગણી તથા ઇચ્છા ઉદ્‌ભવ પામે છે. પરંતુ આ ભારે વિધાનનો કોઈ પણ જાતનો ખુલાસો હજી સુધી સુચવવામાં આવ્યો જ નથી. મહાન જડવાદી પ્રોફેસર ટિંડાલના આ શબ્દો હજી પણ ખરાજ લાગે છે કે "મગજનાં તત્ત્વોની હીલચાલમાંથી ચેતનાને લગતી બીનાઓ કેવી રીતે બનવા પામે છે તેનો ખ્યાલ થઇ શકતો જ નથી. માણસની ચેતનાના ક્ષેત્રમાં અનુભવવામાં આવેલી એક પણ બીનાનો ખુલાસો હજી સુધી જડવાદે પુરો પાડયો જ નથી."

પરંતુ ઇશ્વરવાદીના દૃષ્ટિબિંદુથી જડવાદને મોટામાં મોટા જે બે વાંધા નડે છે તે વિષે કંઇક કહેવાનું હજી બાકી છે :

(૧) સમસ્ત માણુજાતને જે નીતિનું ભાન થાય છે તે જડવાદીની આડે આવે છે. ખરાખોટા વચ્ચેનો ભેદ કેવી રીતે સમજવામાં આવે છે એ વિષે જડવાદને આધારે કોઈ પણ જાતનો ખુલાસો આપી શકાય એવું નથી. જ્યાં કેવળ ભૌતિક નિયમો માનવામાં આવે છે ત્યાં પાપનો કશો અર્થ નથી. છતાં ખરાખોટાની વચ્ચે માણસજાત હમેશાં પસંદગી કરે છે. આ ભેદ વિષેની સમજણ તેમજ આ પસંદગી વાસ્તવિક બાબતો છે એવું સમસ્ત માણસજાતની પ્રેરકબુદ્ધિ કબૂલ કરે છે. વિશ્વના ખુલાસાને અર્થે રજુ કરવામાં આવેલી જે કોઈ વિચારસરણીમાં આ વાનાંની અવગણના કરવામાં આવે છે તેને વિશ્વના સાચા ખુલાસા તરીકે કોઇ પણ હિસાબે સ્વીકારી શકાય નહિ.

(૨) માણુસ સ્વભાવે ધાર્મિક પ્રાણી છે. તેને અમુક આત્મિક અગત્યનું ભાન હોય છે, અને ઇશ્વરને અભાવે એ અગત્યોને પુરી પાડી શકાય એમ નથી. ઇશ્વરની હસ્તીનો નકાર કરવામાં આવે છે, આત્માના અમરપણાનો નકાર કરવામાં આવે છે, અને માત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે દશ્ય ક્ષણિક હોય તેનીજ હસ્તી કબૂલ રાખવામાં આવે છે, ત્યારે ધર્મ નર્યો જ માયારૂપ બને છે. જડવાદ બુદ્ધિ, ધર્મ તથા નીતિને જગતમાંથી તિલાંજલી આપીને રવાના કરી દે ત્યારે જ તે આખરે સ્થાપિત થઇ શકે. એમ થાય ત્યારે જ જડવાદીઓને આખી દુનિયાનો કબજો મળે, પણ એવી દુનિયા તો કોઇના કશાજ કામમાં આવે નહિ. છેલ્લે ફરીથી વિધાન કરવાની રજા લઉં છું કે વ્યવસ્થા, જીવન, મન, નીતિ અથવા ધર્મ એ પૈકી એકે ભૌતિક કારણના પરિણામે ઉપસ્થિત થયું હોય એવું સાબિત કરવામાં આવ્યું નથી અને કદી સાબિત કરવામાં આવશે પણ નહિ.

## ૭. ચર્ચા અને મનન કરવાના પ્રશ્નો :

### ૧. જડવાદ અને ભૌતિકશાસ્ત્ર:

૧. જડવાદની તેના વિસ્તૃત અર્થ પ્રમાણે ચર્ચા કરો, અને તેના પરિણામનું મનન કરો.
૨. જડવાદની વ્યાખ્યાનું મનન કરો.
૩. જડવાદી અને કલ્પનાવાદી વિચારસરણી વિષે ચર્ચા કરો.
૪. જડવાદ તથા ભૌતિકશાસ્ત્રની દૃષ્ટિએ સ્થૂળ વસ્તુની ચર્ચા કરો.
૫. જડવાદી વિજ્ઞાનનો વેશ ધારણ કરીને જે દલીલ કરે છે તે વિષે ચર્ચા કરો.
૬. જડવાદ તથા જડવાદી અનુમાનોએ ભૌતિક જ્ઞાનની પ્રગતિ થવામાં કેવી રીતે ફાળો આપ્યો છે ?
૭. ભૌતિક દુનિયા સંબંધીનું અજ્ઞાન તત્ત્વજ્ઞાન તથા ઈશ્વર-જ્ઞાનને હાનિકારક છે એ વિષે ચર્ચા કરો.
૮. ફેટિશ પૂજા આદિકાળનાં મનુષ્યોની શક્તિહીન સ્થિતિ પર અવલંબે છે એ વિષે ચર્ચા કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯. સ્થૂળ વસ્તુની ઉત્પત્તિ વિષે જડવાદ અને બાઇબલનું શિક્ષણ સરખાવો.

## ૨. પ્રાચીન જડવાદ :

### (૧) ચીની જડવાદ :

૧૦. જે વિચારસરણીમાં ઇશ્વરની અવગણના કરવામાં આવે છે તેમાંથી કોઇપણ પ્રકારનો જડવાદ ઉદ્ભવ પામવાનો સંભવ છે એ નિવેદન વિષે ચર્ચા કરો.

૧૧. યેન્ગ ચાઉના જડવાદી મત પ્રમાણે માણસની ઐહિક તથા પારલૌકિક સ્થિતિનું મનન કરો.

### (૨) હિંદી જડવાદ :

૧૨ ચાર્વાકવાદ વિષે ચર્ચા કરો.

૧૩. કાલ્પનિક તથા વ્યાવહારિક તત્ત્વજ્ઞાનને એક બીજા સાથે નિકટનો સંબંધ છે એ દાખલો આપીને સમજાવો.

૧૪. ઉપરની વાત વિષે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો દાખલો આપો અને તેના પરિણામનું મનન કરો.

### (૩) ગ્રીક જડવાદ :

૧૫. ચાર્વાકવાદીઓ અને ગ્રીક વિજ્ઞાની તથા તત્ત્વજ્ઞાનીની તત્ત્વોને લગતી માન્યતાની સરખામણી કરો.

૧૬. ડીમોક્રીટસના શિક્ષણનું મનન કરો.

૧૭. દિક્ તથા અણુને આધારે ડીમોક્રીટસ વિશ્વનો ખુલાસો કરવાના પ્રયત્ન કરતો હતો એ વિષે ચર્ચા કરો.

૧૮. ડીમોક્રીટસ વસ્તુભેદનનો ખુલાસો કેવી રીતે કરતો હતો ?

૧૯. અણુઓને ચલાયમાન કરવા માટે ડીમોક્રીટસ એક નર્યો જ યાંત્રિક, અચેતન અને હેતુહીન આવશ્યકતાનો આશ્રય લે છે એમ કહેવાનું પ્રયોજન શું ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૦. વસ્તુબોધનવાદ અને સંશયવાદ હમેશાં પોતાની માને ભરખી જાય છે એ નિવેદન વિષે ચર્ચા કરો.

૨૧. ડીમોક્રીટસ દિક્ અને અણુ સિવાય કંઈ વાસ્તવિક નથી એમ કહેતો હતો એ વિષે ચર્ચા કરો, અને તેના પરિણામનું મનન કરો.

૨૨. ગ્રીક જડવાદની વિરૂદ્ધમાં સોક્રેટીસ તથા પ્લેટો કેવા વિચાર રજુ કરતા હતા ?

૨૩. ઉત્પત્તિના કામ વિષે આનાક્ષઆગોરાસ કેવું શિક્ષણ આપતો હતો?

૨૪. જેટલાં દશ્યો પૃથ્વીમાં જોવામાં આવે છે તે અમુક મૂળ વિચારનાં પ્રતિરૂપ દશ્યો છે એ પ્લેટોના શિક્ષણ વિષે ચર્ચા કરો

૨૫. એરિસ્ટોટલ જડવાદનો સામનો કેવી રીતે કરતો હતો ?

૨૬. એરિસ્ટોટલ કે પ્લેટો એ બેમાંનો એકે જડવાદ પર સંપૂર્ણ વિજય મેળવી શક્યો નહિ તેનું કારણ શું ?

૨૭. એપિક્યુરીઅન વિચારસરણી વિષે ચર્ચા કરો.

૨૮. જે ત્રણ પ્રશ્નોનો ખુલાસો જડવાદ કરી શકતો નથી તેનું મનન કરો.

૨૯. વસ્તુ અનાદિ છે એ બુદ્ધિ પ્રમાણે અનુચિત છે એ વિષે ચર્ચા કરો.

૩૦. અણુના મળી જવા વિષે જડવાદી દલીલોનું મનન કરો.

૩૧. એપિક્યુરીઅન મતવાદીઓ દેવને તેમજ દૈવને માનવા ઇચ્છતા ન હતા તેનું શું પરિણામ આવ્યું ?

૩૨. વિશ્વની ઉત્પત્તિ વિષે એપિક્યુરસ કેવો ખુલાસો કરતો હતો ?

૩૩. આત્માના અમરપણાનો નકાર કરવાથી એપિક્યુરીઅન વિચારસરણીમાં કેવું પરિણામ આવ્યું ? ખ્રિસ્તી મત સાથે એનો મુકાબલો કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૩. અર્વાચીન જડવાદ :

૩૪. મંડળીની વિચારણામાં સર્વેશ્વરવાદ કેવી રીતે દાખલ થયો ?
૩૫. સોળમા સૈકામાં સ્વતંત્રપણે વિચાર કરવાના પ્રયત્નનું શું પરિણામ આવ્યું ?

### (૧) અંગ્રેજ જડવાદ :

૩૬. ધર્મ કેવી રીતે ઉદ્‌ભવ પામ્યો તે વિષે ટૉમસ હોબ્બ્સ શું શિખવતો હતો ?
૩૭. " સામાજિક ઠેકા " વિષે ચર્ચા કરો.
૩૮. હોબ્બ્સના તત્ત્વજ્ઞાનનું મનન કરો.
૩૯. વસ્તુના સ્વરૂપ વિષે હોબ્બ્સની માન્યતા વિષે ચર્ચા કરો.

### (૨) ફ્રેન્ચ જડવાદ :

૪૦. લા મેટ્રી ઈશ્વર વિષે શું શિખવતો હતો ?
૪૧. મગજ તથા આત્મા વિષે લા મેટ્રીના શિક્ષણનું શું પરિણામ આવે તેની ચર્ચા કરો.
૪૨. વૉન હોલ્બાક ઇશ્વરની હસ્તી વિષે શું શિખવતો હતો ?
૪૩. ઈશ્વરને સ્થાને હોલ્બાક ' વસ્તુ તથા ગતિ ' રજુ કરે છે એ વિષે ચર્ચા કરો.
૪૪. હોલ્બાકના માણસ વિષેના શિક્ષણની ચર્ચા કરો.
૪૫. " સદાચાર એ વસ્તુતઃ અન્યોના આનંદ વડે જાતે સુખી થવાની માત્ર એક કળા છે, " એ નિવેદન પર ટીકા કરો.

## ૪. જડવાદની લોકપ્રિયતાનાં કારણો :

૪૬. " જડવાદ અંગે નર્યો સંશયવાદ પસરી જાય છે " એ નિવેદનનું સમર્થન કરો.
૪૭. જે કારણોથી હરકોઇ જમાનો જડવાદના જોખમથી નિરાળો રહી શકતો નથી તે કારણોની ચર્ચા કરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૫. જડવાદના સમર્થનમાં કરવામાં આવતી દલીલો:

૪૮. જડવાદના સમર્થનમાં કરવામાં આવતી પહેલી દલીલ વિષે ચર્ચા કરો.

૪૯. જડવાદના સમર્થનમાં કરવામાં આવતી બીજી દલીલનું ખંડન કરો.

## ૬. જડવાદની વિરૂદ્ધ ઉપસંહારરૂપ દલીલ:

૫૦. સ્થૂળ વસ્તુ અજાણી છે એ જડવાદની દૃષ્ટિએ સાબિત કરો.

૫૧. આખરે સ્થૂળ વસ્તુ બુદ્ધિ પર અવલંબે છે એ નિવેદનનું મનન કરો.

૫૨. વસ્તુ સ્વયંભૂ છે એ માન્યતાનું ખંડન કરો.

૫૩. વસ્તુ અવિનાશી છે એ નિવેદનની તુલના કરો.

૫૪. કોઈ કહે કે ઉત્પત્તિનો ખ્યાલ પામવો અશક્ય છે તો તેને તમે શો જવાબ આપશો?

૫૫. જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે એને લગતા જડવાદના અનુમાનની વિરૂદ્ધ જડવાદ પોતે જ જાય છે એમ કહેવાનું કારણ શું?

૫૬. વસ્તુ અને શક્તિના પરસ્પર સંબંધ વિષે જડવાદ કેવો ગોટાળો કરે છે?

૫૭. વસ્તુ સક્રિય નથી એવું સાબિત કરો.

૫૮. "આપોઆપ થતી જીવનની ઉત્પત્તિ" સંબંધી શું સમજવું?

૫૯. માણસની ચેતનાનો ખુલાસો કરવાને જડવાદ અશક્ત છે એ નિવેદન વિષે વિચાર કરો.

૬૦. જડવાદને નડતા મોટામાં મોટા વાંધા વિષે ઇશ્વરવાદીના દૃષ્ટિબિંદુથી ચર્ચા કરો.

૬૧. ધર્મની દૃષ્ટિએ જડવાદની નિષ્ફળતા દર્શાવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com